# યુસુફે ઝહરા

## ઈમામ મહદી (અ.સ.)ની ખિદમતમાં
## મજાલિસે ઈમામ હુસૈન (અ.સ.)

## (ભાગ :– ૧૫)

સંકલન અને પ્રકાશક :–
યુસુફે ઝહરા (અ.સ.) પબ્લીકેશન
૮,અલ મુન્તઝર એપાર્ટમેન્ટ, સુખડીયા
શેરી,મહુવા.
www.yusufezehra.com ની મુલાકાત લ્યો.

ડીઝાઈન, ટાઈપીંગ :–
મેટ્રો કોમ્પ્યુટર કલાસીસ & પ્રિન્ટીંગ
ગાધકડા બજાર, દુકાન નં:–૧૩,૧૪,મહુવા
મો:–૯૮૨૪૫૦૪૧૦૦

| |
|---|
| હઝરત અલી અ.સ.ની વિલાયત અને વફાતે રસુલ (સ.) બાદ એહલેબૈત ઉપર પડેલા મસાએબ. |
| ઈમામ અ.સ.ની મઅરેફત અને જ.વહબ અ.સ.ના મસાએબ. |
| હઝરત અલી અ.સ.ની મોહબ્બત અને અલી અ.સ.ના મસાએબ. |
| મઅસુમા એ કુમ સ.અ.ની ઝિયારતની ફઝીલત અને મસાએબ. |
| દુઆની ફઝીલત અને જ.ઉમ્મે હબીબા અ.ર.થી મુલાકાત. |
| પોતાને અને પોતાની ફેમીલીને જહન્નમની આગથી બચાવો. |
| નુસ્રતે ઈમામે ઝમાના અ.સ. અને જ.કાસીમ અ.સ.નાં મસાએબ. |
| ખુત્બએ ગદીર અને મૌલા અબ્બાસ અ.સ. ના મસાએબ. |
| હઝરત અલી અ.સ. થી મોહબ્બત અને જ.અલી અકબર અ.સ. ના મસાએબ. |
| ઈ.હુસૈન અ.સ.ની ઝિયારતની ફઝીલત શબે આશુરનાં મસાએબ. |
| શામે ગરીબાનાં મસાએબ. |
| અબ્દુલ્લાહબીન હસન અ.સ.નાં મસાએબ. |
| જ.સકીના (સ.અ.) ના મસાએબ. |
| જ.હબીબ ઈબ્ને મઝાહીર અ.સ.ના મસાએબ. |
| શોહદાએ કરબલાના મસાએબ. |
| નૌહા -૧ સબ ઉજડ જાએંગા ઝહરાકા મકાં..........અસ્ર કે બાદ, |
| નૌહા -૨ કહા શેહને રો રો કે અય કરબલા |

# મજલીસની શરૂઆતમાં પઢવાનો ખુત્બો

લા હવ્લ વલા કુવ્વત ઇલ્લા બિલ્લાહીલ અલીય્યીલ અઝીમ.

અઉઝો બિલ્લાહે મેનશ્શયતાનીર રજીમ.

બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ. અલહમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન વલ આકેબતો લે અહલીત્તકવા વલ યકીન. અસ્સલાતો વસ્સલ્લામો અલા અશરફીલ અંબીયાએ વલ મુરસલીન. હબીબે એલાહીલ આલમીન, અબીલ કાસીમે મોહમ્મદ.(સલવાત)

સલ્લલાહો અલા એહલેબય્તેહીત્તય્યેબીન ત્તાહેરીનલ મઅસુમીન વ લઅનતુલ્લાહે અલા આઅદાએહીમ અજમઇન.

# મજલીસ – ૧

# હઝરત અલી અ.સ.ની વિલાયત અને વફાતે રસુલ (સ.) બાદ એહલેબૈત ઉપર પડેલા મસાએબ.

બીસ્મીલ્લા હીર રહમા નીર રહીમ. કાલ રસુલુલ્લાહ (સ.અ.વ.)

"મસલો અહલબય્તી કમસલે સફીનતે નુહીન, મન રકેબહા નજા વ મના તખલ્લફ અન્હા ગરક" (એહકાકુલ હકક ભાગ-૯, પા.૨૭૨)

તમામ તારીફ અને હમ્દો સનાએ મહાન પરવરદિગાર અલ્લાહ તબારક વ તઆલા માટે કે જેણે આપણને તૌફિક આપી કે આપણે મજલીસે ઇ.હુસૈન અ.સ. બરપા કરીએ.

રસુલે ખુદા સ.અ.વ.નાં મશહુર સહાબી જનાબ અબુઝરે ગફફારી રહેમતુલ્લાહે અલયહે રસુલે ખુદા સ.અ.વ. થી ફરમાવે છે.

રસુલે ખુદા સ.અ.વ.એ ફરમાવ્યુ મસલો એહલેબય્તી ક મસલે સફીનતે નુહીન. મારી

એહલેબૈતની મિસાલ નુહ અ.સ.ની કશ્તી (હોડી) જેવી છે. મન રકબહા નજા... જે તેમાં સવાર થશે, તે નજાત પામશે. વ મન તખલ્લફ અન્હા ગરક, જેણે તેનાથી મોઢું ફેરવ્યુ, તે ડુબી જશે.

આ હદીસ પરથી આપણને જાણવા મળે છે કે એહલબૈત અ.મુ.સ. નજાતની કિશ્તી છે.

ઈતિહાસમાં જોઈએ તો નુહ અ.સ.નાં ઝમાનામાં નુહ અ.સ.એ એક કિશ્તી એક હોડી તૈયાર કરી. જેમાં નુહ અ.સ.નાં માનવાવાળાને બેસાડવામાં આવ્યા. ભયંકર તોફાન આવ્યુ. દુનિયામાં દરેક જગ્યાએ પાણી પાણી થઈ ગયુ. જે લોકો નુહ અ.સ. પર ઈમાન રાખતા હતા. નુહ અ.સ.નાં ઈતાઅત ગુજાર હતા. વકતનાં હુજજતે ખુદા પર ઈમાન રાખતા હતા, તેઓ આ કશ્તીમાં સવાર થયા અને ડુબી જવાથો બચી ગયા. જયારે નુહ અ.સ. નો દિકરો કે જે તેમના પિતા અને અલ્લાહનાં નબી નુહ અ.સ. પર ઈમાન નહોતો રાખતો, તે કશ્તીમાં સવાર ન થયો. ઉચા પહાડ ઉપર ચડી ગયો. પરંતુ પાણીનાં ઉછળતા મોજાએ તેને

ડુબાડી દીધો. તેજ રીતે વફાતે રસુલ સ. પછી જે લોકોએ એહલેબૈત અ.મુ.સ.ની કશ્તીથી પોતાનો દામન છોડી દીધો, તેઓ જેહાલત અને ગુમરાહીનાં દરિયામાં ડુબી ગયા છે અને ડુબી રહયા છે.

જેમકે એક હદીસમાં રસુલે ખુદા સ.અ.વ.‘‘અલીય્યો વ શીયતોહુ હોમુલ ફાએઝુન. અલી અ.સ. અને તેના શીઆઓ કામિયાબ છે.’’ (યનાબીઉલ મવદ્દત પે.૧૮૭,૨૩૭)

રસુલ ખુદા સ.અ.વ. એ અનેક મૌકા પર પોતાના વસી, ખલીફા, વલી તરીકે મૌલાએ કાએનાત અલી અ.સ.ની ઓળખાણ કરાવી. ગદીરેખુમમાં ૧,૨૪,૦૦૦ થી વધુ હાજીઓનાં મજમાંમાં અલી અ.સ.ને પોતાનાં બંને હાથોથી બંલંદ કરીને ફરમાવ્યું કે ‘‘મન કુન્તો મવ્લાહો ફ હાઝા અલીય્યુન મૌલા’’ જેનો જેનો હું મૌલા છું. તેના તેના આ અલી અ.સ. મૌલા છે.

માત્ર એલાન નહી, પરંતુ એલાનની સાથ મૌલા અલી અ.સ.ને બલંદ કરીને લોકોને બતાવ્યા કે મારા પછી આ અલી અ.સ. તમારા મૌલા છે. ત્યા સુધી કે

લોકોને હુકમ આપ્યો કે અલી અ.સ.ની બયઅત કરો. આ સિલસિલો ત્રણ દિવસ સુધી શરૂ રહયો.

ગદીર ખુમમાં આ એલાન પછી રસુલે ખુદા સ.એ અલ્લાહની બારગાહમાં દુઆ કરી. બારે ઈલાહા! જે અલીને વલી માને તેને તું દોસ્ત રાખશે. જે અલીથો દુશ્મની રાખે તેને તું દશ્મન રાખજે.

વફાતે રસુલ સ. પછી અલી અ.સ.નજાતની કશ્તી છે. જેણે તેમને છોડી દીધા તેઓએ ગુમરાહી અને જેહાલતને પસંદ કરી લીધી.

અલી અ.સ.ની વિલાયત અને ઈમામતની ગવાહી સમંદરની માછલીઓએ પણ આપી છે. જંગલી અને ફાડી ખાનારા જાનવરો પણ ઈમામે વકતની માઅરેફત રાખે છે.

આવો આપણે એક બે વાકેઆત જોઈએ.

જિલાઉલ ઓયુન કિતાબમાં અલ્લામા મજલીસી અ.ર. પાના નં.૩૩ પર આ વાકેઓ લખે છે.

એક દિવસ હઝરત અબુતાલીબ અ.સ. તાઈફથો મકકા તરફ આવી રહયા હતા. અચાનક

રસ્તામાં એક સિંહ સામે આવી ગયો આપના દિલમાં કયારેય જંગલી જાનવર નો ડર ન હતો. કારણકે આપ નબુવ્વતનાં મુહાફિઝ અને ઈમામત અને વિલાયતનાં નુરના માલિક અલી અ.સ.નાં પિતા હતા. આપ ઉભા રહી ગયા સિંહ આપને જોઈને નજદિક આવ્યો અને જ.અબુતાલીબ અ.સ.ની પાસે માટીમાં પોતાનું મોઢું ઘસવા લાગ્યો અને પુંછડી જમીન પર  ઘસવા લાગ્યો અને આ રીતે પોતાના નમ્રતા અને આજીઝી બતાવવા લાગ્યો.

અબુતાલીબ અ.સ.એ તે સિંહને કહ્યુ હું તને અલ્લાહની કસમ આપું છે, જેણે તને પૈદા કર્યો તું શા માટે મારી પાસે આ રીતે આજીજી કરે છે?

સિંહે કુદરતે ખુદાથી બોલતો થયો અને કહેવા લાગ્યો‘‘આપ શેરે ખુદા અલી ઈબ્ને અલી તાલીબ અ.સ.નાં પિતા છો અને પૈગંબરે ખુદા હઝરત મોહમ્મદ (સ.અ.વ.) નું પાલન પોષણ અને મદદ કરનારા છો.’’ (સલવાત)

રસુલે ખુદા સ.અ.વ. ફરમાવે છે.

‘‘કયામતનાં દિવસે મારાથી સૌથી વધુ નજદિક એ શખ્સ હશે, જે મારા ઉપર સૌથી વધારે સલવાત મોકલતો હોય.’’ (સલવાત)

સીરતે અમીરૂલ મોઅમેનીન કિતાબમાં સૈયદ અતા અબ્બાસ રિઝવી પાનાં નં.પપ૪ પર આ વાકેઆને લખે છે.

એક વખત મૌલાએ કાએનાત અલી અ.સ. જંગે સિફફીનથી પાછા ફરી રહયા હતા. રસ્તામાં ફુરાત નદીનાં કિનારે પહોંચ્યા. પોતાના તીરમાંથી એક તીર અને પીળી લાકડી કાઢીને ફુરાતનાં મોજા ઉપર મારી ફરમાવ્યુ, અય આબે ફુરાત ફાટી જા. વિશાળ ફુરાત નદીનું પાણી ફાટી ગયુ અને તેમાંથી જુદા જુદા ૧ર ઝરણાઓ થઇ ગયા. જયારે સૈનિકોએ આ જોયું તો નવાઇમાં પડી ગયા. ત્યાર બાદ આપ કંઇ પઢયા તે જ વખતે પાણીની બધી જ માછલીએ પાણીની સપાટી પર આવી ગઇ અને આસમાન તરફ મોં કરીને તકબીરો તહલીલ અલ્લાહો અકબર, સુબ્હાનલ્લાહની અવાજો બલંદ કરવા લાગી. તકબીરની અવાજો પુરી કર્યા પછી

માછલીઓએ અમીરૂલ મોઅમેમીન અલી અ.સ. તરફ મોં કરીને ફરમાવ્યું : ખલ્કે ખુદા ઉપર હુજજતે ખુદા! આપ પર સલામ થાચ આ કૌમે તમારી મદદ કરવાનું છોડી દીધુ જે રીતે બની ઈસ્રાઈલે જ.મુસા અ.સ. પછી જ.હારૂન અ.સ.ની મદદ કરવાનું છોડી દીધુ.

અલી અ.સ. હુજજતે ખુદા છે. મોઅમીનોનાં ઈમામ છે. જેની ગવાહી માછલીઓએ પણ આપી. (સલવાત)

પરંતુ રસુલ અ.સ.વ.ની વફાત બાદ લોકોએ મૌલાએ કાએનાતને છોડીને બીજાઓને ઈમામ બનાવી દીધા. ગદીર ખુમનાં એલાનને ભૂલાવી દેવાચુ. એટલું જ નહી.. એ ઘર કે જ ઘર પર રસુલે ખુદા સ. સલામ કરતા. જે ઘરમાં મલેકુલ મોત પણ રજા વગર દાખલ ન થતા. તે ઘરનાં દરવાજાને આગ લગાડવામાં આવી. બિન્તે રસુલ સળગતા દરવાજા અને દિવાલની વચ્ચે દબાઈ ગચા. દરવાજાનો ખીલ્લો આપની છાતીમાં લાગી ગચો. આપનાં શીકમે મુબારકમાં જ. મોહસીન શહીદ થઈ ગચા. શહેઝાદી, દુખ્તરે રસુલ સ. પર

ઝુલ્મની ઇન્તેહા થઇ ગઇ. આપની પુશ્ત પર ચાબુક મારવામાં આવ્યા. આપની કમરની પાસંળીઓ તૂટી ગઇ.

ઝુલ્મની હદ થઇ ગઇ.. મૌલાએ કાએનાતનાં ગળામાં રસ્સી નાખીને ઝાલીમો ઉમ્મતનાં ઇમામને ઢસડીને જબરજસ્તી અબુબક્રની બયઅત માટે લઇ જતા હતા.

જ. ઝહરા સ.અ. ઇમામે વકતની મદદ માટે બહાર નીકળે છે અને કહેછે કે અબુલ હસનને છોડી દયો નહીતર હું મારા વાળને ખુલ્લા કરી દઇશ. મસ્જીદે નબવીની દિવાલો બલંદ થવા લાગી.. જમીન ધ્રુજવા લાગી.

અઝાદારો વફાતે રસુલ બાદ શહેઝાદીએ કૌનેન દુખ્તરે રસુલ પર એટલા ઝુલ્મ થયા કે આપ મરસીયા કહેતા હતા કે, બાબા જાન! આપના બાદ મારા પર એટલી મુસીબત પડી કે અગર તે રોશન દિવસ ઉપર પડતે તો તે કાળી રાતમાં ફેરવાય જાતે.

ઇતિહાસમાં મળે છે કે આ બનાવ પછી જ.ઝહરા સ. એટલા કમજોર થઇ ગયા હતા કે આપ એક હાથમાં લાકડીથો સહારો લેતા અને બીજો હાથ આપ પોતાની કમરે મુબારક પર રાખતા.

જ.ઝહરા સ.અ.ની શહાદત પછી જયારે મૌલાએ કાએનાત આપને ગુસ્લ કફન આપી રહયા હતા તો આપ એક ચીખ પાડીને રડી પડયા.

જ.સલમાન અ.ર.એ જયારે મૌલાએ કાએનાતને આ બાબતે પુછયુ મૌલાએ કહયુ એમના શરીર ઉપર ચાબુકનાં અને મારનાં નિશાન. હાય! બિન્તે રસુલની કમરની પાસંળીઓ તૂટી ગઇ હતો.

અય અલ્લાહ! તને શેહઝાદી ઝહરા સ.અ.ની મઝલુમીનો વાસ્તો! જન્નતુલ બકીઅની જલ્દીથો તામીર થવાનાં અસબાબ પૈદા કરી દે. અય અલ્લાહ ! યુસુફે ઝહરા ઇ.મહદી અ.સ.નાં ઝુહુરમાં જલ્દી કર, અને અય અલ્લાહ! શેહઝાદી ફાતેમા સ.અ. તથા આપના ફરઝંદ જ. મોહસીનનાં કાતીલો ઉપર બેશુમાર લઅનત કર.. અને જે જે લોકોએ જ. ઝહરા સ.અ.

ઉપર ઝુલ્મ કર્યો તેમના પર અને તેમના પૈરવકારો પર બેશુમાર લઅનત કર.. અને તેમના અઝાબમાં વધારો કર.

★★★★★★★★★★★

# મજલીસ – ૨
# ઈમામ અ.સ.ની મઅરેફત અને જ.વહબ અ.સ.ના મસાએબ.

બીસ્મીલ્લા હીર રહમા નીર રહીમ. કાલ રસુલુલ્લાહ (સ.અ.વ.)

“મન માત વ લમ્ યઅરીફ ઈમામે ઝમાનેહી માત મીતતન જાહેલીય્યહ”

જે કોઈ તેના ઝમાનાનાં ઈમામને ઓળખ્યા વગર મરી જાય તો તેનું મૌત જાહેલીય્યતનું મૌત છે.

જાહેલીય્યતનું મૌત એટલે કુફ્રનું મૌત.. અને જે માણસ કુફ્રની હાલતમાં મૃત્યુ પામે, તો તે જહન્નમી છે અને તેના માટે જહન્નમનો કાયમી અઝાબ છે.

આ હદીસ બતાવે છે કે ઈમામની મઅરેફત જરૂરી અને વાજીબ છે. ઈમામની મઅરેફત વગરનું મૌત એટલે કબ્રમાં અઝાબ અને જહન્નમમાં કાયમી અઝાબ.

એક વખત અલી અ.સ. માલિકે અશ્તરની સાથ એક ઘર પાસેથી પસાર થયા. તો તે ઘર માં એક

નવયુવાન ખૂબજ સુંદર અવાજમાં કુર્આનની તિલાવત કરી રહયો હતો. તિલાવતનો અવાજ સાંભળીને માલિકે અશ્તર બોલ્યા કે આ યુવાન કેટલા દર્દનાક અવાઝમાં કુર્આન પડી રહયો છે. અલી અ.સ. કહ્યું કે તે યુવાન જહન્નમી છે. માલિકે અશ્તર કાંઇ ન બોલ્યા. અમુક સમય પસાર થયા. પછી દુશ્મનોની સાથ એક જંગ થઇ. જંગ પછી અલી અ.સ. અને માલિક અશ્તર દુશ્મનોના કત્લ થયેલા સૈનિકો પાસેથી પસાર થયા, તેમાંથી એક લાશ બતાવતા અલી અ.સ.એ કહ્યુ અય માલીકે અશ્તર ! આ તેજ યુવાન છે, જે દર્દનાક અવાજમાં કુર્આન પડતો હતો. પરંતુ આ જ યુવાન આજે આપણી સામે જંગ કરવા આવ્યો. ઝમાનાનાં ઇમામની સામે જંગ કરીને જહન્નમ વાસીલ થયો. એટલેકે આ યુવાનને તેના વકતનાં ઇમામ (અલી અ.સ.)ની મઅરેફત ન હતી. તે અલી અ.સ.ને ઇમામ ન હોતો માનતો અને ઝમાનાનાં ઇમામની વિરૂધ્ધ જંગ કરતા મૃત્યુ પામ્યો અને વાસીલે જહન્નમ થયો.

આ કિસ્સો બતાવે છે કે અગર કોઇ ઝમાનાનાં ઇમામની મઅરેફત ન રાખે તો તેનું ઠેકાંણુ જહન્નમ છે. પરંતુ અગર કોઇ મઅરેફત રાખે છે. તો તેનો દરજજો શું છ ? એ પણ જાણીએ.

રસુલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે,‘‘આલે મોહમ્મદ (અ.મુ.સ.)ની મઅરેફત જહન્નમની આગથી નજાત છે. આલે મોહમ્મદની મોહબ્બત પુલે સીરાત પરથી પસાર થવાનો ઝરીઓ છે. આલે મોહમ્મદ (અ.મુ.સ.)ની વિલાયત અઝાબથી સલામત રહેવાનો વસીલો છે.’’ (ગદીર - ૨/૩૨૪, સવાએકે મોહરરકા પે.૧૩૯).

એક વખત ઇ.અલી રઝા (અ.સ.)એ તેમના એક સહાબીને ફરમાવ્યું કે અલીબીન હમ્ઝા મૃત્યુ પામ્યો છે. અલીબીન હમ્ઝા વાકેફી આલીમ હતો. સહાબીએ પુછયું તેના મૃત્યુ પછી તેનું શું થયું ? કબ્રમાં તેનો અંજામ શું આવ્યો ? ઇ.રઝા અ.સ. કહે છે ક હું તેની કબ્રમાં જઇને આવ્યો છું. તે માણસ જહન્નમ

વાસીલ થયો છે. ઈમામ અ.સ. તેના કબ્રનો પ્રસંગ વર્ણવે છે.

તેને કબ્રમાં સવાલ પુછવા ફરીશ્તાઓ આવ્યા ફરીશ્તાએ તેને પહેલો સવાલ પૂછયો, મન રબ્બોક? તારો રબ કોણ છે? તેણે જવાબ આપ્યો, અલ્લાહ મારો રબ છે. ફરીશ્તાઓએ બીજો સવાલ પૂછયો, તારા નબી કોણ છે ? તેણે જવાબ આપ્યો હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) મારા નબી છે. ફરીશ્તાએ તેને ત્રીજો સવાલ પૂછયો, તેના પછી તારા ઈમામ કોણ છે? તેણે જવાબ આપ્યો, અલી અ.સ. તેના પછી તારા ઈમામ કોણ છે ? તેણે જવાબ આપ્યા ઈ.હસન અ.સ. તેના પછી તારા ઈમામ કોણ ? તેણે જવાબ આપ્યો, ઈ.હુસૈન અ.સ., તેના પછી તારા ઈમામ કોણ ? તેણે જવાબ આપ્યો ઈ.સજજાદ અ.સ., તેના પછી ઈમામ કોણ ? ઈ.બાકીર અ.સ., તેના પછી ઈમામ કોણ ? ઈમામ સાદીક  અ.સ. તેના પછી કોણ? ઈ.મુસા કાઝીમ અ.સ. તેના પછી તારા ઈમામ કોણ ? તે આલીમ ચૂપ. તેની ઝબાન બંધ થઈ ગઈ. તેની જીભ

લોચા વળવા માંડી. જો કે તેની સામે તેના ઝમાનાનાં ઈમામ ઈમામે રેઝા અ.સ. મૌજુદ હતા. તે ઈમામ અ.સ.ને જોઈ રહયો હતો, છતા જવાબ ન આપી શકયો શા માટે ? કારણ કે તે તેના ઝમાનાનાં ઈમામને ઈમામ ન હોતો માનતો. ઝમાનાનાં ઈમામની મઅરેફત ન હતી. જેથી તે જવાબ ન આપી શકયો તો ફરીશ્તાઓએ તેને કડકાઈથી પૂછયુ, શુ તને મુસા કાઝીમ અ.અ. તેના પછી ઈમામ કોણ  છે તેનાં બારામાં ન હોતું કહયુ ? તે આલીમ ચૂપ. ફરીશ્તાઓ ગઝબનાક થયા અને તેની કબ્ર આગથી ભરાઈ ગઈ. ઈ.રેઝા અ.સ. ફરમાવે છે કે આ માણસની કબ્રમાં કાયમી અઝાબ રહેશે અને જહન્નમમાં પણ તેના માટે કાયમી અઝાબ છે.

આ વાકેઆ ઉપરથી ખ્યાલ આવે છે કે આ આલીમ અલ્લાહને માનતો હતો. તેના રસુલને પણ માનતો હતો સાત ઈમામ સુધી ઈમામતમાં પણ માનતો હતો, પરંતુ તે આઠમા અને તેના ઝમાનાનાં ઈમામને ઈમામ માનતો ન હતો, પરિણામે તે જહન્નમ વાસીલ થયો.

તેજ રીતે આપણા માટે જરૂરી છે કે બારે બાર ઇમામની મઅરેફત મેળવીએ અને બારમાં અને આખરી ઇમામ અ.સ. કે જે ઝમાનાનાં ઇમામ છે તેની પણ મઅરેફત મેળવીએ. અગર કોઇ અલ્લાહને માને, તેના રસુલ સ. ને માને અને રસુલ (સ.અ.વ.) પછી અગીયાર બરહક ઇમામને માને અને બારમાં અને તેના ઝમાનાના ઇમામ ઇ.મહદી અ.સ.ને ન માને તો તેનું ઠેકાણું જહન્નમ છે.

ઇમામની મઅરેફત ધરાવનાર કેવા હોય છે. આવો કરબલામા એક તરસ્યા ઇ.હુસૈન અ.સ.નાં વફાદાર સાથીઓ કે જેઓ ઇ.હુસૈન અ.સ.ની હકીકી મઅરેફત રાખતાં હતા.

ઇ.હુસૈન અ.સ. શબે આશુર ચિરાગ બુઝાવી દે છે અને કહે છે કે મારા અસહાબો અગર તમે જવા ચાહો તો જઇ શકો છો. લ્યો હું આ ચિરાગને બુઝાવી દઉ, દુશ્મનો મારા ખુનનાં પ્યાસા છે અને હુ તમારા માટે જન્નતનો જામીન થાઉ છું. અગર તમે શર્મ મહસુસ કરતા હો તો અમારા સંબંધી માંથી એક એકની આંગળી

પકડીને નીકળી જાવ. ઇ.હુસૈન અ.સ. જયારે ચિરાગ રોશન કરે છે. તો તમામ અસહાબો  અન્સાર મૌજુદ છે. તમામ અસહાબો કહે છે કે યા મૌલા અમે તમને મુકીને ન જઇ શકીએ, મૌલા આપના કદમોમાં રહેવુ એ જ અમારી જન્નત છે. આ અસહાબો કે જેઓ ઇમામની મઅરેફતમાં, ઇમાનમાં ઉંચા દરજજે હતા. ઇમામ હુસૈન અ.સ.એ કહયુ અય મારા સાથીઓ તમે ચાલ્યા જાવ. હું તમારાથી ખુશ છું. અસહાબોએ કહયું મૌલા અમે મરી શકીએ છીએ, પરંતુ આપનો સાથ નહીં છોડીએ. આવો આજે આપણે એક અસહાબે ઇ.હુસૈન અ.સ.નો ઝિક્ર કરીએ અને મજલીસ તમામ કરીએ....

ઇ.હુસૈન અ.સ.ના કાફલાની સાથ એક નાનો કાફલો પણ ચાલતો હતો. જેમાં એક નવયુવાન અને તેની દુલ્હન અને એક બુઢી માં હતી. જે નવયુવાનની માં પુછે છે કે આ રડવાની અને જાનવરોની અવાજ કયાંથી આવે છે ? આ કોનો કાફલો છે. જવાન ચૂપ રહયો. તેની માં એ પૂછયુ તુ મને બતાવ કે આ કાફલો કોનો જઇ રહયો છે ? તે નવ યુવાને કહયુ માદરે ગિરામી

આ કાફલો ઇ.હુસૈન અ.સ. નો છે, જેઓ દીનને બચાવવા માટે મદીના છોડીને જઇ રહયા છે. નવ યુવાનની માં મોહિબ્બે એહલબૈત હતી. કહેવા લાગી શેહઝાદી ફાતેમા (સ.અ.) નાં દિકરાનો કાફલો છે ? ચાલો આપણે તેમાં શામીલ થઇ જઇએ. તે જવાન કે જેનુ નામ વહબ હતું. તે કાફલામાં એક તેની માં હતી અને તેની એક પત્ની હતી. આશુરનો દિવસ આવી પહોંચ્યો.

બુઢી માં તેના નવયુવાન દિકરાને કહે છે કે બેટા શું તું મારા વતી કુરબાન નહીં થા ? દિકરા હું ઔરત છું અને ઔરત ઉપર જેહાદ સાકીત છે. નહીંતર હું સૌથી પહેલા મૌલા ઉપર કુરબાન થઇ જાત. બેટા તું મારા હદીયો બની જા, તું જેહાદ કર અને શહીદ થઇ જા. કયામતના દિવસે તારીમાઁ ને શહેઝાદી સામે શરમીંદા ન થઉ પડે. દિકરાએ કહ્યુ માં તુ રજા આપે તો હું મારી પત્નીથી રૂખ્સત થઇને આવુ. વહબ તેની પત્ની પાસે ગયા. વાતચીત કરીને પત્નીને લઇને ઇ.હુસૈન

અ.સ.ની ખિદમતમાં આવ્યા અને કહ્યુ મૌલા મારી પત્ની બે ચીઝની જમાનત માંગે છે.

ઇ.હુસૈન અ.સ. પુછે છે, શું જમાનત ચાહે છે ? વહબની ઔરત કહે છે કે મૌલા તમે જમાનત આપો કે અમે દુનિયામાં સાથો નહીં રહી શકતા તો જન્નતમાં અમે સાથ રહીએ. ઇ.હુસૈન અ.સ. કહ્યુ કે જન્નતમાં તું વહબની સાથ રહીશ બીજુ? વહબની પત્ની કહે છે કે તેમની શહાદત પછી મને શહેઝાદીનાં ખેમામાં જગ્યા આપજો. ઇ.હુસૈન અ.સ. કહ્યું 'હા'. વહબ માં થી રૂખ્સત થઇ જાય છે.  માં કહે છે કે બેટા માં ના દૂધની લાજ રાખજે. રાહેખુદામાં જાન આપી દે જે. વહબ જાય છે. જંગ કરે છે. ઝખ્મી થાય છે. દુશ્મનો વહબનું સર કાપીને ખેમા તરફ ફેંકે છે. વહબની માં પોતાના નવ યુવાન દિકરાનું સર ઉપાડે છે. ખૂન સાફ કરે છે. માટી સાફ કરે છે. કલેજાથો લગાડીને પ્યાર કરે છે. બેટા તે મારી લાઝ રાખી, કાલે હું કયામતમાં જ.ઝહરા સ.અ.ની સામે શરમીંદા નહી થાવ. એક મરતબા ચાહવાવાળી માં એ પોતાના જવાન દિકરાનુ સર લઇને દુશ્મન તરફ

ફેંકીને કહયુ કે મને ઓળખો, હું માં ફાતેમા ઝહેરા સ.અ.ની કનીઝ છુ. અમે જે ચીજ ખુદાની રાહમાં સદકો કરીએ છીએ તેને પાછુ નથી લેતા.

અલા લઅનતુલ્લાહે અલલ કવમીઝઝાલેમીન.

★★★★★★★★★★★

# મજલીસ – ૩

# હઝરત અલી અ.સ.ની મોહબ્બત અને અલી અ.સ.ના મસાએબ.

## બીસ્મીલ્લા હીર રહમા નીર રહીમ. કાલ રસુલુલ્લાહ (સ.અ.વ.)

“મન અહબ્બ અલીયન્ ફકદ્ અહબ્બની વ મન અબ્ગઝ અલીયન્ ફકદ્ અબ્ગઝની, વ મન આઝા અલીય્યન ફકદ્ આઝાની વ મન આઝાની ફકદ્ આઝા અલ્લાહ” (સલવાત)

રસુલે ખુદા સ.અ.વ. ફરમાવે છે. મન અહબ્બ અલીય્યન ફકદ્ અહબ્બની. જેણે અલી અ.સ.ને દોસ્ત રાખ્યા ખરેખર તેણે મને દોસ્ત રાખ્યો, વ મન અબ્ગઝ અલીયન ફકદ અબ્ગઝની. જેણે અલી અ.સ. થી દુશ્મની કરી તેણે ખરેખર મારાથી દુશ્મની કરી. વ મન્ આઝા અલીય્યન ફકદ આઝાની... જણે અલી અ.સ.ને તકલીફ પહોચાડી તેણે ખરેખર મને તકલીફ પહોંચાડી. વ મન આઝાની ફકદ આઝા અલ્લાહ અને

જેણે મને તકલીફ પહોંચાડી તેણે અલ્લાહને તકલીફ પહોંચાડી (રિયાઝુન નઝરહુ ભાગ-૨, પે.૧૦૮).
ને તકલીફ આપી. આવો આપણે ઈતિહાસ તરફ દષ્ટિપાત કરીએ. વફાતે રસુલ સ.પછી અહેલેબૈત અ.મુ.સ. સાથ કેવો વર્તાવ થયો.

“અલી અ.સ.ના ઘર નાં દરવાજાને આગ લગાડવામાં આવી. જ.ઝહરા સ.અ.નાં શિકમમાં જ.મોહસીનને શહીદ કરવામાં આવ્યા. અલી અ.સ.ના ગળામાં રસ્સી નાંખીને જબરજસ્તી ખેચીને લઇ જવામાં આવ્યા.” ઉમ્મતનાં ઝાલીમોનાં આ ઝુલ્મો કહી રહયા છે કે તેમણે અલી અ.સ.થી દુશ્મની રાખી, અલી અ.સ.ને તકલીફ પહોંચાડી, જ.ઝહરા સ.અ. ને તકલીફ પહોંચાડીને રસુલ સ.અ.વ. ને ઈજા પહોંચાડી છે. ઉપરોકત હદીસની રોશની માં જેણે અલી અ.સ. થી દુશ્મની કરી તેણે રસુલ સ.થી દુશ્મની કરી છે. જેણે અલી અ.સ.ને તકલીફ આપી છે. તેણે રસુલ સ.અ.વ.ને તકલીફ આપી. રસુલ સ.ને તકલીફ આપી તેણે અલ્લાહને તકલીફ આપી. કુર્આને મજીદમાં

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે ઇન્નલઝીન યુઅઝુનલ્લાહ વ રસુલહુ લઅન હોમુલ્લાહો ફીદ દુન્યા વલ આખેરહ (સુ.અહઝાબ સુ.૩૩ આ.૫૭) “બેશક જે લોકો અલ્લાહ અને તેના રસુલને ઈજા પહોંચાડે છે. તેના ઉપર અલ્લાહે દુનિયા અને આખેરતમાં લઅનત કરી છે અને તેમના માટે ઝલીલ કરનારો અઝાબ તૈયાર કર્યો છે. (સુ.અહઝાબ આ.૫૭)”

રસુલે ખુદા સ.અ.વ.ને તકલીફ પહોચાડવી એ એટલો મોટો ગુનાહ છે કે જાણે તેણે અલ્લાહ ને અઝીય્ત પહોંચાડી.

તફસીરે અલી ઇબ્ને ઇબ્રાહીમમાં લખ્યુ છે. આમાં તે લોકો શામીલ છે કે જેણે અલી અ.સ.નો હક ગસ્બ કર્યો, જેણે ફાતેમા ઝહરા સ.અ.નો હક ગસબ કર્યો અને તેમને તકલીફ પહોંચાડી. જેમકે રસુલે ખુદા સ.અ.વ. ફરમાવ્યું જેણે ફાતેમા (સ.અ.)ને ઈજા પહોંચાડી તેણે મને ઈઝા પહોંચાડી.

મજમઉલ બયાનમાં અબુખાલીદ વાસતી એ જ.ઝૈદથી તેમણે તેમના પિતા ઈ.સજ્જાદ અ.સ. થી

તેમણે ઇ.હુસૈન અ.સ. થી તેમણે અલી અ.સ. થી અને તેમણે રસુલે ખુદા સ.અ.વ.થી ફરમાવ્યું કે રસુલે ખુદા સ.અ.વ. એ પોતાના માથાનો વાળ પકડીને મને ફરમાવ્યુ, યા અલી અ.સ. જણે તમારા એક વાળને પણ અઝીય્યત આપી તો તેણે મને અઝીય્યત આપી, જેણે મને અઝીય્યત આપી તેણે અલ્લાહને અઝીય્યત આપી અને જેણે અલ્લાહને અઝીય્યત આપી તેના પર અલ્લાહની લઅનત છે. (તફસીરે નુરૂસ્સકલૈન ઉર્દુ, ભાગ-૭, પેજ.૪૫)

આમ આપણે કુર્આન અને હદીસની રોશનીમાં જોયું ક જેણે એહલેબૈત ને અઝીય્યત આપી, તેનું ઠેકાણુ જહન્નમ છે.

અલી અ.સ. થી ખિલાફતને ગસ્બ કરવુ. જ.ઝહરા સ.અ.થી ફદકનું છીનવી લેવુ, સાહેબે આયત તતહીરનાં દરવાજાને સળગાવવો, શું મદીનાનાં મલઉન અને ઝાલીમોનાં આ કામોએ રસુલે ખુદા સ.અ.વ. ગમગીન અને રજીંદા નથી કર્યા?

અમીરૂલ મોઅમીન અલી ઈબ્ને અબી તાલીબ અ.સ.ની વિલાયતની અનેક સાબિતી છતા અલી અ.સ.થી ખિલાફતનું છીનવી લેવુ એ શું મોટો ઝુલ્મ નથી ? અલી અ.સ. ની વિલાયતની સાબિતિ માટે આપણે વાકેઆત જોઈએ.

હઝરત અમ્મારે યાસીર (ર.અ.) થી રિવાયત છે કે એક વખત હું અમીરૂલ મોઅમેનીન અલી અ.સ.ની સાથ હાજર હતો. આપ મને કુફાની બહાર બે ફરસખ દુર લઈ ગયા. અમે ત્યાં બજલા નામના સ્થળે પહોંચ્યા, તો કેટલા યહુદીઓ આપની પાસે આવ્યા અને કહેવા લાગ્યા, યા અલી અ.સ. અગર આપ ઈમામ છો, તો અમારા પ્રશ્નોનાં જવાબ આપો.

મૌલાએ કાએનાતે ફરમાવ્યુ, બેશક હું અલ્લાહની તરફથી ઈમામ છું. તમે જે પ્રશ્નો હોય તે પુછો, અલ્લાહનાં હુકમથી હું જરૂર જવાબ આપીશ.

યહુદીઓએ પુછ્યુ કે અમારા અગાઉના બાપ દાદા પર દાદા પાસે એક પથ્થર હતો જેના ઉપર છ અંબીયાના નામ કોતરેલા હતા. તે પથ્થર ખોવાઈ ગયો

છે, આપ તે પથ્થરને શોધી આપશો, તો મહેરબાની થશે. આપ તે લોકોને લઈને એક સુકી જગ્યા પર આવ્યા. જયાં રણમાં રેતીના ઢગલા હતા. આપે હવાને હુકમ આવ્યો કે આ રેતીને ઉડાવીને લઈ જા, જેથી જમીન દેખાય. હવાએ મૌલાએ કાએનાતનાં હુકમ મુજબ અમલ કર્યો. જમીન દેખાવા લાગી. તેના પર એક મોટો પથ્થર દેખાયો. મૌલાએ ફરમાવ્યુ આ જ તે પથ્થર છે. તે લોકોએ જોયુ તો કહેવા લાગ્યા આ તે પથ્થર નથી, આમાં નબીઓના નામ દેખાતા નથી. અલી અ.સ.એ કહ્યુ આ જ તે પથ્થર છે. પથ્થરને ઉલ્ટાવી દયો અને તેના ઉપર નબીઓના નામ મૌજુદ છે. હાજર તમામ લોકોએ પથ્થરને ઉલ્ટાવવાની કોશીષ કરી, ભેગા મળીને પણ પથ્થરને ઉલ્ટાવી ન શકયા. પછી મૌલાએ કાએનાત પથ્થરને ઉલ્ટાવી દીધો. જેમાં છ અંબીયાઓના નામ હતા.

૧. હઝરત આદમ અ.સ. ૨.હઝરત નુહ અ.સ. ૩. હઝરત ઈબ્રાહીમ અ.સ. ૪.હઝરત મુસા અ.સ. ૫.

હઝરત ઈસા અ.સ. ૬.હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) (સલવાત).

ત્યાર બાદ તમામ યહુદીઓએ એક અવાજમાં ગવાહી આપી કે અલ્લાહ તઆલા સિવાય કોઈ મઅબુદ નથી. હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અલ્લાહના રસુલ (સ.) છે અને આપ અમીરૂલ મોઅમેનીન સૈય્યદુલ વસીય્યીન ખલીફએ બરહક અને જમીન ઉપર અલ્લાહની હુજ્જત છો. (અલી અ.સ.ના મોઅજીઝા, પે.૧૩ થી ૧૫).

મૌલાએ કાએનાત કે જેમના ફઝાએલ એટલા છે કે અગર જમીન કાગળ બની જાય, દરિયા શાહી બની જાય અને તમામ જીન્નાત અને ઈન્સાન ભેગા મળીને લખવા બેસે તો પણ મૌલાએ કાએનાતનાં ફઝાએલને લખી નથી શકતા.

આવા અગણિત અને અનંત ફઝીલતોના માલિક, રહેમદિલ અને કરીમ ઈમામ અ.સ.ની સાથ દુશ્મનોએ કેવો વ્યવહાર કર્યો.

શહેઝાદી ઉમ્મે કુલસુમથી મન્કુલ છે કે બાબા અલીએ મુર્તુઝાએ ૧૮ મી રમઝાનના ઈફતારી અમારા ઘરે કરી .મેં જવની રોટી, થોડું નમક અને દુધ રાખ્યું. મારા પિતાએ ફરમાવ્યું, શું તમે કયારેય તમારા બાપને એક  સમયે બે નેઅમતો ખાતા જોયા છે. એક વસ્તુ હટાવી લ્યો. આપે નમક અને રોટીથી ઈફતાર કરી. પછી ઈબાદતમાં મશ્ગુલ થયા.

અડધી રાત્રે આપ મસ્જીદ તરફ ગયા. ઈબાદત બાદ સુબ્હે સાદિક વખતે અઝાન કહી. જોયું કે, ફર્શે મસ્જીદ પર ઈબ્ને મુલ્જીમ (લ.અ.) ઉંધો પડેલો છે. આપે તેને ઉઠાડયો. જયારે આપ નમાઝે સુબ્હમાં મશ્ગુલ થયા, મલઉન ઈબ્ને મુલ્જીમે તલવારનો એવો વાર કર્યો કે આપ સજદામાંથી માથ ઉપાડી શકયા નહિં. જીબ્રઈલે અવાજ આપી. ખુદાની કસમ હિદાયતના અરકાન પડી ગયા. અલી અ.સ.ને કત્લ કરી દેવામાં આવ્યા.

ઝખ્મી સરમાંથી ખુન ખુબજ વહી ગયું . આપને ઘરે લઈ ગયા. મૌલા કહે છે. બેટા હસન મારા કાતિલને

એક ઝરબત લગાવજો, તેના અવયવો કાપશો નહીં. અય અમારા રહેમદિલ મૌલા કાતિલનો એટલો બધો ખ્યાલ, પણ કરબલામાં આપના ભુખ્યા તરસ્યા હુસૈનના શરીર મુબારકને દુશ્મનોએ પામાલ કરી દીધું. હાય! લાશએ હુસૈન અ.સ. ઉપર ઘોડા દોડાવવામાં આવ્યા.

જયારે આપના માટે દુધ લાવવામાં આવ્યું તો ઇબ્ને મુલ્જીમને એ વખતે તરસ લાગી, તે કહેવા લાગ્યો અય અલી હું પ્યાસો છું. આપે ફરમાવ્યું બેટા હસન આ દૂધ તેને પીવડાવો. લોકોના એઅતેરાજનો જવાબ આપતા ફરમાવ્યું, તરસ્યાને પીવડાવું દરેક મઝહબમાં છે. ભલે પછી કાફીર કેમ ન હોય.

હાય અફસોસ કરબલામાં આપની ઔલાદની તરસ પર કોઈ રહેમ ખાવા વાળું ન હતું, ઇમામ હુસૈન મઝલુમ આખરી શ્વાસ સુધી ફરમાવતા રહ્યા, અય લોકો હું નબીનો નવાસો, અલી-ફાતેમાનો ફરઝંદ છું. મને થોડુંક પાણી પીવડાવી દયો, પણ કોઇએ એક ઘુંટ પાણી ન આપ્યું.

અઝાદારો આખરીકાર ૨૧ મી રમઝાનના મૌલા વસીયત કરે છે અને એહલોઅચાલ પર આખરી નજર કરે છે. મૌલાની શહાદત થતા હસનૈન અમામા સરો પરથો ઉતારે છ. માથ અને છાતી પીટે છે.

બાપની મય્યતને નજફે અશ્રરફ તરફ લઈ જાય છે. જયારે મૌલાના બદનને ખાકમાં સુપુંર્દ કરી ઘરે આવે છે. ખંઢેરમાં જુએ છે કે એક અંઘ શખ્સ રોતો હોય છે. તેની પાસે જઈ મૌલા હસન રોવાનો સબબ પુછે છે. તે કહે છે કે મારો એક હમર્દદ હતો, દરરોજ મારી પાસે આવતો અને પોતાના હાથોથી મને ખાણુ ખવડાવતો, પાણી પીવડાવતો આજે ત્રણ દિવસ થયા, તે નથી આવ્યા. આ સાંભળીને હસનૈન રોવા લાગે છે. કહે છે, તે હવે નહી આવે, તેઓ મારા પિતા હતા, તેઓ શહીદ થઈ ગયા. આ સાંભળી તે શખ્સ પણ મૌતની તમન્ના કરે છે.

★★★★★★★★★★★

# મજલીસ -૪

# મઅસુમા એ કુમ સ.અ.ની ઝિયારતની ફઝીલત અને મસાએબ.

બીસ્મીલ્લા હીર રહમા નીર રહીમ. કાલલ ઈમામો અર રેઝા (અ.સ.)

“મન ઝારલ માઅસુમા બે કુમ કમન ઝારની” (સલવાત)

ઈમામ અલી રેઝા અ.સ.એ ફરમાવ્યું : જે શખ્સ માઅસુમા (સ.અ.)ની કુમ માં ઝિયારત કરે તો એવુ છે કે જાણે તેણે મારી ઝિયારત કરી.

આ હદીસે મુબારેકા એ બાબત તરફ ઈશારો કરે છે કે જ. માસુમાએ કુમ (સ.) ની ઝિયારત કરવાનો સવાબ ઈ.અલી રેઝાની ઝિયારત કરવા જેટલો છે.

ઈ.અલી રેઝા અ.સ.ની ઝિયારતના સવાબ અને ફઝીલતમાં અસંખ્ય રિવાયતો છે. જેમકે ઈ.મુસા કાઝિમ અ.સ. : જે મારા ફરઝંદ અલી રેઝા અ.સ.ની ઝિયારત કરે તો તેનો ૭૦ હજનો સવાબ મળશે.

રાવી ખૂબજ આશ્ચર્ય થયુ, કહ્યુ ૭૦ હજ! ઈમામ અ.સ.એ કહ્યુ : ૭૦,૦૦૦ હજ રાવીનો આશ્ચર્યનો પાર ન રહયો. ઈમામ અ.સ.એ ફરમાવ્યું કયામતના દિવસે આગલા ઝમાનાની ૪ બુઝુર્ગ હસ્તી હઝરત નુહ,હઝરત ઈબ્રાહીમ, હઝરત મુસા, હઝરત ઈસા અને આ ઝમાનાની ૪ બુઝુર્ગ હસ્તીઓ હઝરત મોહમ્મદે મુસ્તુફા (સ.અ.વ.) હઝરત અલી અ.સ., હઝરત હસન અ.સ., હઝરત હુસૈન અ.સ. હશે અને જેઓએ અઈમ્મા અ.મુ.સ.ની કબ્રોની ઝિયારત કરી હશે, તેઓ પણ અર્શ પર આ બુઝુર્ગ હસ્તીઓની સાથ હશે. ખરૂ પુછો તો જેઓએ મારા ફરઝંદ હ.અલી રઝા અ.સ.ની કબ્રની ઝિયારત કરી હશે, તેઓ બીજા કરતા ઉચ્ચા દરજજે હશે અને તેઓને સવાબ પણ વધુ મળશે.

ઈમામ તકી અ.સ.:- મન ઝાર અમ્મતી બે કુમ ફલહુલ જન્નત
જે કુમ માં મારી ફઈની ઝિયારત કરે તેના માટે જન્નત છે.

ઇમામ અલી રેઝા અ.સ. :- મન ઝાર હા આરેફન બે હકકીન ફલહુલ જન્નત

જે માસુમાએ કુમની ઝિયારત તેમના હકની મઅરેફત રાખીને કરે તેના માટે જન્નત છે. અઝીઝાને ગિરામી ઉપરોકત હદીસમાં મઅરેફતને જરૂરી શર્ત ગણવામાં આવી છે.

આપનું નામ ફાતેમા કુબરા, લકબ માસુમા. આપના વાલિદ ઇ.મુસાકાઝિમ અ.સ. ને ૪ દીકરીઓ હતી, જેમના નામ ફાતેમા કુબરા, ફાતેમા વુસ્તા, ફાતેમા ઉખરા, ફાતેમા સુગરા.

આપ (સ.)ની વિલાદત તારીખ ૧ ઝિલ્કાદ હિ.૧૭૩ મદીનએ મુનવરા

આપની વફાત ૨૮ વર્ષની વયે ૧૦ ર.આખર હિ.૨૦૧ શહરે કુમમાં થઇ.

આપ વલીયુલ્લાહના દુખ્તર - બહન અને કુફી છે.

જેમકે આપના ઝિયારત નામામાં આપણે આ રીતે સલામ કરીએ છીએ.

અસ્સલામો અલય્કે યા બીન્તે વલીય્યલીલ્લાહ. અસ્સલામો અલય્કે યા ઉખ્ત વલીય્યલ્લાહ. અસ્સલામો અલય્કે યા અમ્મત વલીય્યલ્લાહ.

આમ જે શહેરમાં મદફુન છે,તે શહેરની પણ રિવાયતોમાં ફઝીલતો બયાન થઇ છે.

જેમકે એક રિવાયત મુજબ આપણા નબી (સ.) મેઅરાજની રાતે આ શહેર પરથી પસાર થયા તો જોયુ કે ઇબ્લીસ બેઠો છે. આપ (સ.અ.વ.) કહ્યુ,

કુમ યા મલઉન - અય મલઉન ઉભો થા

તેથી આ શહેરનું નામ કુમ પડયુ.

અલ્લાહનું હરમ મકકા છે, નબી (સ.) નું હરમ મદીના, અમીરૂલ મોઅમેનીનનું હરમ કુફા, અમો એહલેબૈત (અ.) નું હરમ શહેર કુમ છે. આપનો એક લકબ કરીમએ એહલેબૈત પણ છે.

આકા મુખ્તાર શોઅબાની કફશદાર બયાન કરે છે.

હઝરત આયતુલ્લાહ ઉજમા મરઅશી નજફી ફરમાવ્યુ :-

તેઓના પિતા મકકએ મુકર્રમા ઝિયારત માટે ગયા - ત્યાં જઈને રોવા લાગ્યા અને હઝરત રસુલેખુદા (સ.અ.વ.)થી ચાહ્યુ કે હઝરત ફાતેમા ઝહરા (અ.સ.)ની કબ્રનું નિશાન બતાવો કે જેથી તેમની ઝિયારત કરૂ. ખ્વાબમાં જોયુ કે હઝરત (સ.) એ ફરમાવ્યું અય મારા ફરઝંદ ! તમારી માદરે ગિરામી ફાતેમા (સ.)ની કબ્ર છુપી રહેશે. તમે કુમ જાવ હઝરત ફાતેમા માઅસુમા (સ.)ની ઝિયારત કરો કે તેમની ઝિયારત એ ફાતેમા (સ.)ની ઝિયારત કરવા બરાબર છે. (ઈનાયાતે માઅસુમા પે.પ૯).

આકા નાસિર અસ્ગર જાદે હરમે મુતહ્હરના ખાદિમ બયાન કરે છે કે એક દિવસ હરમે મુતહહરની કફશદારી (બુટ ચપ્પલ સાચવવાનું કામ) કરીને ઘરે ગયો તો લોકોએ કહ્યુ કે તમારો દિકરો ત્રણ માળના મકાનની અગાસી પરથી પડી ગયો છે. હું તરત હોસ્પીટલ ગયો ડોક્ટરને કહ્યુ કે મારા ફરઝંદને બચાવી લ્યો.

ડોકટરે કહ્યુ અમે ઘણી કોશિશ કરી પણ તે મૃત્યુ પામ્યો છે. આ સાંભળીને એજ હાલતમાં હરમ તરફ રૂખ કરીને માસુમા પાસે મારા ફરઝંદની જીંદગી માંગી. એવામાં બાળકે આંખ ખોલી અને બંધ કરી અને આ રીતે તેને ફરી જીંદગી મળી

આજે ૧૪ વરસ એ બનાવને થઇ ગયા. મારો ફરઝંદ તંદુરસ્ત છે. (ઈનાયાતે માસુમા પે.૩૩-૩૪).

માઅસુમે કુમ ને મદીના કો છોડા ઓર આતી હૈ ખુરાસાન કે લીયે ઈરાનકે તરફ આતી હૈ ઔર અકેલી નહીંથો સાદાત કે સાથ આતી હૈ. બાઝ રિવાયતો મેં યહી કહા જાતા કે ઉસકો ઝહેર દીયા જાતા હૈ ઔર સાવે મેં મરીઝ હોતી હૈ, સાવે મે હી હાલત ઈતની બુરી હોતી હૈ માઅસુમે કુમ કી વો ખુદ કહેતી હૈ મેં અબ સફર કો તય નહીં કર પાઉંગી. તમન્ના તો યહી હૈ કી ભાઇ સે મુલાકાત કરૂગી કે તારીખ મેં તીન ભાઇ - બહેને ઐસે હૈ, વો એક દૂસરે કે બગેર નહીં રહ પાતે હૈ. પહેલી જ.ઝયનબ ઔર ઇ.હુસૈન અ.સ. બીબી ઝયનબ ઇ.હુસૈન કી બગૈર નહી રેહ પાતી થી. દૂસરે ભાઇ-બહન

અલી અકબર (અ.સ.) ઔર ફાતેમા સુગરા. જ.સુગરાને ભી યહી કહા થા, અય અલી અકબર જબ કરબલા પહોંચો તો હાલાત અચ્છે હો તો મુજકો બુલા લેના, મૈ તુમ્હારે બગૈર નહીં રેહ સકતી. યહી તો કહા થા ફાતેમા સુગરાને અલી અકબર સે.લેકીન અફસોસ જબ ફાતેમા સુગરા કા કાસીદ પહોંચતા હૈ આશુર કા દીન થા ઔર જબ કાસીદ પહોંચતા હૈ ઔર નામા દેતા હૈ ઇ.હુસૈન કો ઔર ઉસ વકત ઇ.હુસૈન જ.અલી અસ્ગર કો દફનાતે હૈ તો કાસીદ સલામ કહેતા હૈ. ઇ.હુસૈન કો તઅજુબ હોતા હૈ કે ઈસ ગરીબી કી આલમ મેં મુજે કૌન સલામ કહેતા હૈ. આપ પીછે મુડકે દેખતે હૈ. કાસીદ કહેતા હૈ મેં કાસીદ હું મે આપકી બેટી કા ખત લે કે આયા હું. ખત મેં લીખા થા અય બાબા ! અબ તો મેરા છોટા ભાઈ ઘુંટને ચલતા હોંગા. ઈમામને કહા અય કાસીદ સુગરા સે કહેના કે જીસ અલી અસગર કી બાત કરતી હૈ, ઉસકો અભી મૈંને દફનાયા. ઔર ખતમેં લીખા થા અય બાબા અલી અકબર સે પુછો કે કયાં હુંવા ઉનહોને મુજે વાદા કીયા થા કે અગર હાલાત અચ્છે

હોંગે તો વો મુજે બુલાએગે ઓર ઇમામને કાસીદ સે કહા કે આઓ કાસીદ મેં તુમ્હે દીખાતા હું અલી અકબર કા લાશા. અલી અકબર તો હંમેશાકી નીંદ કે લીચે સો ગયા હૈ.

ઇ.રેઝા (અ.સ.) ઓર માઅસુમે કુમ. માસુમે કુમભી ભાઇ કે બગેર નહીં રેહ પાઇ. ઇસ લીચે મિલો કા સફર તય કીયા, સાવે મેં મરીઝ હુઇ. માસુમે કુમને કહા કી મેં અબ આગે કા સફર નહીં તય કર પાઉંગી તો કુમ સે મુસા ઇબ્ને ખઝરજ જો મોહીબ્બે એહલેબૈત હૈ ઉસને કહા. હમ આપકો કુમ કી તરફ લે જાએંગે. તારીખ બતલાતી હૈ કી સોલા યા સતરાહ દીન કુમ મેં રહી. ઉસકે બાદ રહેલત કરતી હૈ ઓર માઅસુમા કી શહાદત હોતી હૈ. અઝાદારો માસુમે કુમ કો ગુસ્લ દીયા ગયા. કફન પહેનાયા ગયા. જનાઝા તૈયાર હુઆ ઓર અબ ગફતગું હો રહી થો કી કૌન માઅસુમે કુમ કો કબ્રમે ઉતારે, તો કીસીને કહા એક બહોત બુઝુર્ગ સૈયદ હૈ જો તકવા ઓર પરહેઝગાર ભી હૈ ઉસકો બુલાયા જાયા. અબ ગુફતગુ હો રહી થો તો દો નકાબ પોશ આએ, જો

કીસી સે બાત નહી કરતે હૈ ઔર નમાઝે જનાઝા પઢતે હૈ ઔર એક શખ્સને જનાઝે કો ઉઠાયા ઔર દૂસરે શખ્સીયતકો પાસ કીયા ઔર દુસરી શખ્સને ઉસકો કબ્રમેં લીટાયા, અલ્લામા મજલીસી લીખતે હૈ યે યકીનન ઇમામે રેઝા અ.સ. ઔર ઇમામે જવાદ અ.સ. હોંગે જો બીબી માઅસુમે કુમ કો દફનાને આયે હોંગે. મેં કહુંગા અય બીબી આપ તો બહુત ખુશનસીબ હૈ, જબ હમ આપકે હરમ મે આતે હૈ તો શાનદાર હરમ હૈ,આલીશાન હરમ હૈ, અય બીબી આપ ભી ફાતેમા હૈ, આપ ભી માઅસુમ કી બેટી. એક ઔર ફાતેમા હૈ જો મદીને મેં તશરીફ ફરમા હૈ. પર ઉનકા હરમ નહીં હૈ, ઉનકી કબ્ર તો વિરાન હૈ. ઝાએર જબ જાતે હૈ, તો ઝિયારત ભી નહી કર સકતે. ફકત બાહર સે સલામ ભેજતે હૈ, મેં કહુંગા એ શહેઝાદી આપ જબ ઝિંદા થો, તબ ભી મઝલુમા થો ઔર શહાદત કે બાદ ભી મઝુલમા હુઇ કે આપ કી કબ્ર કો મિસમાર કર દીયા ગયા.

વ સયાઅલમલ લઝીના ઝલમૂ અંય્યા મુનકલેબીય યન્કલેબૂન.

અલા લઅનુલ્લાહે અલલ કૌમીઝ ઝાલેમીન...

★★★★★★★★★★★

# મજલીસ – ૫
# દુઆની ફઝીલત અને જ.ઉમ્મે હબીબા અ.ર.થી મુલાકાત.

બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ.

વ કાલ રબ્બોકુમ ઉદઉની અસ્તજીબ લકૂમ ''અને તમારો પરવરદિગાર ફરમાવે છે કે
તમ મારાથી દુઆ માંગો, હું તમારી દુઆઓને કબુલ કરીશ.''
અગાર આપણે કોઇપણ મુસીબતમાં હોઇએ કોઇપણ બિમારીમાં હોઇએ આપણે
એહલેબૈત (અ.મુ.સ.) નાં વસીલાથી અલ્લાહથી દુઆ માંગવી જોઇએ.આપણી કોઇપણ હાજત હોઇતો ઇમામ (અ.સ.)નાં વસીલાથી પુરી થાય છે. એક વાકેઓ સાંભળીએ.

ઇ.હુસૈન અ.સ.ની વિલાદતના સમયે ફિતરૂસ નામનો ફરીશ્તો આવે છે, જે
ઇ.હુસૈન અ.સ.ના જુલાને સ્પર્શ કરે છે તો ઇ.હુસૈન અ.સ.એ તેને બાલો પર આપે છે.
એહલેબૈત (અ.મુ.સ.) નાં વસીલાથી અલ્લાહ પાસે દુઆ માંગવી જોઇએ, કારણ અલ્લાહની હુજ્જત બાબુ

લ્લાહ છે, અલ્લાહ સુધી પહોંચવાનો દરવાજો છે. આજ
` આપણને જે કંઈ નેઅમતો મળી રહી છે. તે વકતન
। ઈમામનાં વસીલાથી મળે છે. વરસાદ વરસે છે. ઝાંડ
 ઉપર ફળ આવે છે તો તે ઈમામ  અ.સ.ના વસીલા
થી. બલ્કે આ કાએનાતનું વુજુદ વકતના ઈમામનાં
 વુજુદનાં લીધે છ઼ે. ઈ.સાદિક અ.સ. ‘‘અગર આ જ
મીન ઉપર હુજજતે
ખુદા ન હોય તો આ જમીન તેના રહેવાસીઓ સાથે
ધસી જાય’’.

આવો આપણે એક બીજો વાકેઓ જોઈએ. એ
ક વખત અબ્દુલ્લાહ નામનો માણસ જે ઈમામે ઝમા
ના અ.સ.નો ખાસ મોહીબ (ચાહવાવાળો) હતો. એક
 રાત્રે લગ્ન
પ્રસંગમાથી જઈને આવી સુઈ જાય છે. અડધી રાત્રે
જાગે છે, તરસ લાગે છે. ઉભો થવા ચાહે છે.
પરંતુ ઉભો નથી થઈ શકતો. તેની પત્નીને અવાજ
આપે છે કે મને શું થઈ ગયું? હું
ઉભો નથી થઈ શકતો. તેની પત્ની કહે છે કે તમને
કદાચ પગામાં ખાલી ચડી ગઈ હશે. અબ્દુલ્લાહ કહે
છ કે ખાલી નથી ચડી.. બધા જાગી જાય છે. જુએ
છે તો અબ્દુલ્લાહને

લકવો થઇ ગયો. તેના બંને પગ ખોટા પડી ગયા. ઘ
રમાં બધા પરેશાન થઇ જાય છે.
સવારે તેઓ અબ્દુલ્લાહનાં મિત્ર અસ્ગરને બોલાવે છે.
 તે ડોક્ટર લાવે છે. ડોક્ટર કહે છે કે અબ્દુલ્લાહને પ
રેલીસીસ એટલે લકવા થઇ ગયો છે. આ બિમારીની
કોઇ દવા નથી.
તમે ગમે ત્યાં જાવ આ પગ સાજા નહીં થાય. અબ્દુલ્લ
ાહ ખૂબ દુઃખી થઇ જાય છે. મનમાં ને મનમાં ઇમામે
ઝમાના અ.સ.ને પોકારે છે કે યા મૌલા , તમે જ માર
ી બિમારીને દૂર કરીશકો છો. તમે જ મને શિફા આપ
ો. રડતા રડતા તે સૂઇ જાય છે. રાતે સ્વપનામાં તે એ
ક નુરાની શખ્સને જોવે છે. તે ઇમામે ઝમાના અ.સ.
હોય છે.તેઓ અબ્દુલ્લાહને કહે છે
અબ્દુલ્લાહ ઉભો થા. અબ્દુલ્લાહ કહે છે કે મારા પગ
ખોટા પડી ગયા હું કેમ ઉભો થાવ. ઇમામ અ.સ. હા
થ લંબાવે છે અને કહે છે કે મારો હાથ પકડીને ઉભ
ો થા. અબ્દુલ્લાહ
સ્વપ્નમાં જ ઇમામ અ.સ.નો હાથ પકડે છે અને ઉ
ભા થઇ જાય છે અને જાગી જાય છે. પોતે પથારીમાં
થી ઉભા થઇ જાય છે અને ચાલવા માંડે છે. પોતે
જોવે છે, તો તેઓ સાજા થઇ ગયા. ડોક્ટર પાસે જા

ય છે. તો ડોકટર કહે છે કે આ બિમારી એવી હતો ક
` જેનો
ઇલાજ આ દુનિયાનાં કોઇ ડોકટર પાસે ન હતો.
    તો આ કિસ્સો એ વાત સાબિત કરે છે કે ઇમામ અ.સનાં વસીલાથી આપણી હાજતો પુરી થાય છે. મુશ્કેલીઓ દૂર થાય છે અને બિમારીમાં શફા મળે છે.
    તમને બધાને કદાચ સવાલ થાય કે ઇમામ અ.સ.થી કઇ રીતે મદદ માંગવી કંઇ રીતે દુઆ કરવી?
    જયારે કોઇ પણ મુશ્કેલી આવે તો આપણે આપણા વકતનાં ઇમામ અ.સ. ને એક
સલામ કરીએ. અસ્સલામો અલયક યા સાહેબઝઝમાન અદરીકની અને આપણે
આપણી મુશ્કેલીઓને બતાવીએ તો યકીનન આપણા મૌલા અને આકા અને આપણા
ઝમાનાનાં ઇમામ આપણી હાજતને પુરી કરશે કારણ કે તેઓ આપણા રૂહાની પિતા છે.
    આવો આપણે દુઆનાં એક નાનકડા પ્રસંગને યાદ કરીએ અને મજલીસ તમામ......
    ઇ.હુસૈન અ.સ.અને આપના અન્સારો અને અસહાબો અલ્લાહની રાહમાં ભુખ્યા અને પ્યાસા શહીદ થઇ ગયા. એહલેહરમ ઉપર ઝુલ્મો સીતમ કરવામાં

INDEX Yusuf-e-Zehra

આવ્યા. કાફલો શામનાં બાઝારમાંથી પસાર થતો હ
તો. નાનકડી સકીના શેહઝાદી સકીના ચાર વર્ષની
સકીનાં, ઈ.હુસૈન અ.સ.ની લાડલી સકીના ખુબ પ્ય
ાસી હતી. કાફલો એક જગ્યા પરથી પસાર થયો. સક
ીના થી બોલાઈ ગયુ. હાય પ્યાસ, અલ અતશ. અક
ઔરત પાણી લઈને આવે છે અને કહે છે આ નાની
બચ્ચીને પાણી પીવરાવો જ.સકીના એ પાણી હાથમ
ાં લીધુ. તે ઔરતે કહયુ અય બીબી જયારે આ બચ
ચી પાણી પીઈ લે તો મારા માટે દુઆ કરાવી દેજો કા
રણકે યતીમ અને અસીરની દુઆ જલ્દી કબુલ થાય
છે. જ.ઝયનબે સકીનાનો હાથ રોકી દીધો અને ક
હયુ કે બેટા! પહેલા દુઆ કરી લો, પછી પાણી પીજો
. જ.ઝયનબ સ.અ.એ કહયુ અય ઝઈફા તમારી શું
હાજત છે? તમારી હાજત બયાન કરો..તે ઔરત ક
હયુ કે મારી પહેલી હાજત એ છે કે જે રીતે તમે યતી
મ અને અસીર થયા તે રીતે અમારા બાળકો યતીમ
ન થાય.

માસુમ સકીનાએ નાના નાના હાથોને બલંદ કય
ા અને દુઆ કરી દીધી. તારી બીજી દુઆ શું છે? તે
ઔરતે કહયુ કે મારો શૌહર પરદેશમાં છે તે સહી સલ
ામત પાછો આવી જાય. જ.સકીના સ.અ. એ આ પ

ણ દુઆ કરી દીધી. અય ઔરત તારી ત્રીજી દુઆ શું છે? તે ઔરતે કહ્યુ. મારી તમન્ના છે કે અલ્લાહ મને મદીના જવાનું નસીબ કરે. જ.ઝયનબ સ.અ. મદી નાનું નામ સાંભળતા ચોંકી ગયા, મદીના યાદ આવી ગયુ. પુછયુ અય
ઔરત તું મદીના જઇને શું કરીશ? તેણે જવાબ આ પ્યો હું મારા મૌલા હુસૈન અ.સ. અને શેહઝાદી ઝય નબ સ.અ.નો ઝિયારત કરવા ચાહું છું. જ.ઝયનબ સ.અ. કહે છે કે તું
તારી શેહઝાદીને ઓળખી જઇશ.. કહ્યુ કેમ નહીં. હું તો જ.ઝયનબ સ.અ.ની  કનીઝ ઉમ્મે હબીબા છું .. મે એમની ઘણી ખિદમત કરી છે. જ.ઝયનબ સ. અ. રડતા રડતા
બોલ્યા અય ઉમ્મે હબીબા  હું જ ઝયનબ છું. અને તારા મૌલા અને આકા હુસૈન અ.સ. નું સર નેંજા પર છે. મારા ભાઇ હુસૈન અ.સ.ને શહીદ કરી દેવામાં આ વ્યા અને અમને
અસીર અને બે પર્દા ફેરવવામાં આવી રહયા છે. હું જ ઝયનબ છુ. જ ઉમ્મે હબીબાએ
જયારે સાંભળ્યુ તો માતમ  કર્યુ. રડવા લાગ્યા. ગશ ખાઇને પડી ગયા, માથુ ફાટી ગયુ

અને રૂહ જન્નતમાં પરવાઝ કરી ગઇ. અલા લઅનતુ લ્લાહે અલલ કવમીઝ ઝાલેમીન.

★★★★★★★★★★★

## મજલીસ - ૬

## પોતાને અને પોતાની ફેમીલીને જહન્નમની આગથી

## બચાવો.

અલ્લાહ તબારક વ તઆલા કુર્આને મજીદમાં સુ. તહરીમ સુરાં.૬ માં ઈરશાદ ફરમાવે છે.
બીસ્મીલ્લા હીર રહમા નીર રહીમ.
યા અય્યોહલ્લઝીન આમનુ કૂ અન્ફોસકુમ અહલીકૂ
મ નારા.

“અય ઈમાન લાવનારા ઓ તમે તમારી જાત ને અને તમારા ઘરવાળાઓને
(ફેમીલીને) આગથી બચાવો.”

આ આયતમાં અલ્લાહ તઆલા મોઅમીનોથી કહી રહયો છે કે તમે તમારી જાતને અને તમારા કુટુંબને જહન્નમની આગથી બચાવો...અગર મોઅમીન ઈમાન લાવ્યા પછી આગથી સલામત હોતે તો અલ્લાહ આ વાત ન ફરમાવતે.

આ આયતમાં અલ્લાહ તબારક વ તઆલા એ લોકોને કહી રહયો છે,જે વાકેઅન મોઅમીન છે. એટલે કે મોઅમીન ઉપર ઈમાન લાવ્યા પછી બે મહત્વની જવાબદારી છે અને તે ઈમાનની શર્ત પણ છ

. એકતો પોતાને જહન્નમની આગથી બચાવે અને પ
ોતાના કુટુંબને, ફેમીલીને, ઘર ના સભ્યોને જહન્નમ
ની આગથી બચાવે.

આપણી ડયુટી છે. આપણી જવાબદારી છે. કે
અગર ઈમાન લાવ્યા છો, તો એવા આમાલ (કાર્યો)
કરો કેતમે ખુદ દોઝખની આગથી બચી શકો અને પ
ોતાના ઘરના
સભ્યોને પણ એ રસ્તા ઉપર ચલાવો કે જેથી તેઓ
પણ આગથી બચી જાય.

મૌત એવી ચીજ છે, જેનાથી કોઇ બચી નથી
શકવાનું પરંતુ કેટલીક મૌત એવી
છે, જેનાથી બચવા માટે દુઆ કરવી જોઇએ ..કે અ
ય અલ્લાહ તુ અમને એવી મૌતથી
બચાવ જેમકે ડુબીને મરવાથી, સળગીને મરવાથી,
મકાન કે પહાડીમાં દબાઇને મરવા
થી, યા અકસ્માતથી મરવાથી,અલ્લાહથી પનાહ માં
ગવી જોઇએ, કારણકે આ પ્રકારની મૌતમાં ઈન્સાન
ને ગુનાહથી બચવાની તક નથી મળતી. અગર મૌત
ના આસારથી પહેલા તૌબા કરવાની તૌફિક મળે, ત
ો જ ગુનાહોની તૌબા કબુલ થાય છે.

આ પ્રકારની મૌતથી બચવા નમાઝે સુબ્હ અને નમાઝે મગરીબ પછી ૭ વખત આ પમાણે પઢવું જોઇએ. બિસ્મીલ્લા હીર રહમાનીર રહીમ. લા હવ્લ વલા કુવ્વત ઇલ્લા
બિલ્લાહીલ અઝીમ.

સુબ્હની  નમાઝ પછી ૧૦ વખત આ પ્રમાણે પઢ
.

સુબ્હાનલ્લાહીલ અઝીમે વબે હમ્દેહી, લાહવ્લ વ
લા કુવ્વત ઇલ્લા બિલ્લાહીલ
અલીટ્યીલ અઝીમ તો ખુદા આપણને આ પ્રકારની મૌતથી બચાવશે. પરંતુ આ બધી
મૌતમાં સૌથી વધારે તકલીફ આપનારી ભયાનક મૌત આગથી સળગીને મરવું છે. અગર કોઇ આગમાં સળગેલી લાશને જોઇ લે તો પણ વરસો સુધી દિમાગમાંથી તેની યાદ નહીં ભુંસાય .

અગર કોઇનાં ઘરમાં યા દુકાનમાં થોડી આગ લાગે તો દોસ્ત તો ઠીક દુશ્મન પણ મદદ માટે દોડી આવે છે. આગ બુઝાવી દે છે. ઇમરજન્સી પર ફોન કરવાથી સરકારી
મદદ પણ મળે છે. દુન્યવી આગથી બચવા માટે, બચાવવા માટે આપણે કેટલુ ધ્યાન

આપીએ છીએ, પરંતુ દોઝખની આગથી બચવાની ક
ે બચાવવાની કોઇ ફીક્ર કરતા
નથી. એ દોઝખ કે જેની દરેક ચીજ આગથી બનેલી
છે.

દોઝખ એ જગ્યાનું નામ છે. જેની જમીન આ
ગની છે, જેનુ આસમાન આગ છે.
જેનુ ફર્શ આગ છે. જેનુ ખાણુ આગ છે. જેની જંઝીરા
આગની બનેલી છે. આટલી સખત આગ કે જેનું ત
સવ્વુર પણ ન થઇ શકે.

તમને કદાચ વિચાર આવે કે આવી આગમાં ક
ોઇ નાખવામાં આવે તો ૧-૨ સેકન્ડમાં સળગીને મરી
જાય, પરંતુ આખેરતનો નિઝામ અલગ છે. ત્યાં મૌ
ત નથી. જેટલી વાર આગમાં સળગશે. અલ્લાહ ફરીથ
ી નવી ચામડી આપશે.

આવી દર્દનાક આગથી બચવા અલ્લાહ મોઅમીન
ોથી ખિતાબ કરી રહયો છે.

કુ અન્ફોસ કુમ અહલી કુમ નારા. તમે તમારી જા
તને અને તમારા ઘરવાળાઓને
આગથી બચાવો.

અય ઇમાન વાળાઓ એવી દીનદારી ઇખ્તેયાર ક
રો કે તમે પણ આગથી બચી જાવ અને તમારૂકુટુંબ

પણ. દીનદારી એટલે જાણી લ્યોકે અલ્લાહે આપણા માટે શું વાજીબ
કર્યું છે? તેને અદા કરી દયો. અને જાણી લ્યોકે અ
લ્લાહે આપણા માટે શું હરામ કર્યું છે? હરામ અને હર
ામ કામથી બચો. અગર આ બે વાત ઉપર અમલ કર
ીએ એટલે કે વાજીબાતની અદાએગી અને હરામ કા
ર્યોથી પરહેઝ તો તેનું નામ જ તકવા છે. તેજ પરહે
ઝગારી છે. આ જ દીનદારી છે અને તેના લીધે જ ઇ
ન્સાન પોતે પણ દોઝખની આગથી સલામત રહેશે
અને પોતાના ફેમીલીને પણ આજ રીતે દોઝખની અ
ાગથી બચાવી શકશે. આજે અગર આપણે આપણા
ઘરોને, સમાજને જોઇએ તો દોઝખથી બચાવવાવા
ળા કોઇ નથી પરંતુ દોઝખમાં લઇ જનારા ઘણા બધ
ા છે.

દાખલા તરીકે અગર કોઇ શૌહર તેની પત્નીને મ
જબુર કરે કે તે ચાદર ન પહેરે પોતાના દોસ્તોની સા
મે ખુલ્લા માથે આવે, દોસ્તોની દાવત કરે. આ પત્ની
ઉપર દબાણ કરનાર શૌહર નથી પરંતુ તે દોઝખની
આગમાં ઘસડી જનારો છે.

તેજ રીતે અગર ઔરત પોતાના પતિથી હરામ કાર્યની ખ્વાહિશ કરે, શિકાયત કરે તો તે પણ દોઝ ખની તરફ શૌહરને લઇ જઇ રહી છે.

રસુલે ખુદા સ. ફરમાવે છે : એ શૌહર (પતિ) મ લઉન છે. તે શૌહર ઉપર ખુદાની
લઅનત છે, જે પોતાની પત્નીને બારીક (પાતળા-પ ારદર્શક) કપડા પહેરવાની રજા
આપે, એવા પ્રોગ્રામમાં કે જયાં મર્દો અને ઔરતો સા થે હોય ત્યાં જવાની રજા આપે,
તો તેની પત્ની જેટલા કદમ ચાલશે તે દરેક પગલે પ ગલે તે શોહર માટે દોઝખમાં એકએક ઘર બનતુ જ શે.

તેજ રીતે અગર ઔરત તેના શૌહર (પતિ)ની ઇજાઝત વગર ઘરની બહાર નીકળે તો તેના દરેક પ ગલે તેના માટે દોઝખમાં એકએક ઘર બનતુ જશે. અગર આપણે ચાહીએ કે આપણા ઘર માં બરકત થ ાય તો ઘરમાં બરકત તકવા અને પરહેઝગારીથી આ વે છે. ઘરમાં બરકત હલાલ કમાણીથી આવે છે. ઘર માં બરકત હુકુક (હકકોને) અદા
કરવાથી આવે છે. ઘરમાં બરકત વાજીબાતને અદા કરવાથી આવે છે. ઘરમાં બરકત

કુર્આનને કરીમની તિલાવત કરવાથી આવે છે. દરેક નેક કામ કરવાથી ઘરમાં બરકત આવે છે.

પરંતુ આજે એ હાલત છે કે ઘરમાં કુર્આનની તિલાવતને બદલે મ્યુઝીક વાગી રહયુ હોય છે. ઘરમાં બાળકોની સાથે મા-બાપ પણ નાજાએઝ અને હરામ પ્રોગ્રામ સાથે મળીને જોઇ રહયા છે. મોડે સુધી ટી.વી. પર સીરીયલો-પ્રોગ્રામ જોવામાં સમય પસાર થાય છે અને સવારની નમાઝ મા-બાપની કઝા થાય છે. આવા મા-બાપ તેની ઔલાદને કેવી રીતે આગથી બચાવી શકે, જયારે કે ખુદ ગુનાહોથી બચતા નથી અને જયારે ઇન્સાન ગુનાહનો આદી થાય છે, તો પછી તેને ગુનાહનો એહસાસ જ નથી રહેતો. આવા મા-બાપ ખુદ તો જહન્નમની આગથી બચતા નથી પરંતુ પોતાની ઔલાદને પણ જહન્નમ તરફ ઢસડી જાય છે.

બહેતરીન ખાનદાન તે છે, જે એક બીજાને દોઝખની આગથી બચાવવામાં મદદ કરે. બહતરીન દોસ્ત એ છે, જે તેના દોસ્તને જહન્નમથી બચાવે, ખુદ નમાઝ પઢે અને તેના દોસ્તને પણ નમાઝ પઢવા સાથે લઇ જાય.. ખુદ નજીસ ચીજ ખાવાથી બચે, અને

પોતાના દોસ્તને પણ નજીસ ચીજ ખાવાથી રોકે.

અય ઇમાન લાવનારાઓ તમે ખુદ તમારી જાત ને અને તમારા ફેમીલીને જહન્નમની આગથી બચાવો .

ખુદાની કસમ! ઇન્સાનની આવનારી નસ્લો ને બચાવવા માટે ઇ.હુસૈન અ.સ.એ પોતાના દોસ્તો અને
પોતાની આલની અઝિમ કુરબાની આપી.

અય ગમે હુસૈન અ. કરને વાલો, અય મોહબ્ બતે હુસૈન અ. કરનેવાલો, અય
અઝાએ હુસૈન કરનેવાલો....

બહેતરીન મોહબ્બતે હુસૈન અ.સ.એ છે કે તેમ ની અઝાદારી સાથે માતમ,
મસાએબ, મજલીસ અને મસાએબમાં દિલને પિગળ ાવીને તેમના મકસદે અઝીમને પણ યાદ રાખીએ.

ઇ.હુસૈન એ અમ્રબીલ મઅરૂફ અને નહય અ નીલમુન્કર માટે, દીને ઇસ્લામની
હિફાઝત માટે આ અઝીમ કુરબની આપી. ઇમામ ચ ાહે છે કે આપણે આપણી જાતને
અને આપણા ફેમીલીને જહન્નમની આગથી બચાવી એ. અગર આપણે ઇ.હુસૈન અ.સ.નાં આ અઝીમ મ

કસદની ઉપર અમલ કરશું તો યકીનન ઇ.હુસૈન અ.
સ. ને સુકુન મહસુસ થશે કે તેના માનવાવાળા એ તે
મની કુરબાનીનાં મકસદને ઝાએ નથી કર્યા.

રસુલે ખુદા સ.નાં પ્યારા નવાસા.ઇ.હુસૈન અ.
સ.મદીનાથી  કરબલા તરફ રવાના થઇ રહયા છે. ઉ
મ્મે સલમા પુછે છે, અય ફરઝંદે રસુલ કયાં જઇ રહ
યા છે? કયાં
મકસદ માટે આપ કરબલા જઇ રહયા છો?

ઉમ્મે સલમા ! થી કહયુ અય નાની જાન હું ઇરા
ક જઇ રહયો છુ. બેટા! ઇરાક ન
જાવો, મે તમારા નાનાથી  સાંભળ્યુ છે કે મારો નવા
સો ઇ.હુસૈન અ.સ. કરબલામાં
ભૂખ્યા અને પ્યાસા શહીદ થશે.

નાની! તમે જે સાંભળ્યુ હતું તે સમય આવી ગય
ો છે. દીને ખુદાની હિફાઝતમાં
અલ્લાહ મને કરબલામાં જોવા ચાહે છે.

ઇ.હુસૈન અ.સ. કરબલામાં મને અને તમને બધ
ાને દીનદાર બનાવવા અને
દોઝખથી બચાવવા આવ્યા હતા.

સાચી મહોબ્બતે ઇ.હુસૈન અ.સ. એ છે આપણે
મસાએબ હુસૈન પર આંસુઓ

વહાવતા, આપણા બંને હાથ જોડીને અદબની સાથે
ઈ.હુસૈન અ.સ. ને કહીએ કે
મૌલા અમે આપની મુસીબતો અને દુઃખોને મહસુસ કરીએ છીએ, આજે અમે આ ફર્શે અઝા પર આપના થી વાયદો કરીએ છીએ કે અમો કોશીષ કરીશું કે અ મે અમારી જાતને અને અમારા કુટુંબને દોઝખની અ ાગથી બચાવી એ, મૌલા અમે તમારી કરબલામાં આ પેલી કુરબાનીને બેઅસર થવા નહી દેશું.

ઈ.હુસૈન અ.સ. રોઝે રસુલ પર આવે છં નાનાથી રૂ ખ્સત થાય છે. માઁ ફાતેમાની કબ્ર
મુબારક પર આવે છે માઁની કબ્ર પરથી રૂખ્સત થાય છે. કબ્રથી આવાજ આવે છે બેટા
હુસૈન કરબલા હું પણ તારી સાથે આવી રહી છું.... ( મ.ગુલામ અસ્કરી સાહેબની
મજલીસ માંથી)

આવો આપણે પણ શોહદાએ કરબલાના ગમમાં આંસુ વહાવીએ......

ઈ.હુસૈન અ.ના મસાએબ વકતના ઈમામની ઝબાનમાં આભળીએ. ઝિયારતે નાહીયામાં ઈ.ઝમાનાઅ. ફરમાવે છે. ખુનથો નહાયેલા મઝલુમ

ઉપર સલામ. અઝાદારો તસવ્વુર કરો,ઈમામ અ.નાં જુમ્લા ઉપર કે ઈ.હુસૈન કેટલા ઝખ્મી હતા. આપનું પુરૂ શરીર લોહી લુહાણ હતુ.... જયારે ઈ.હુસૈન અ.સ. રૂખ્સતી માટે ઈ.સજજાદ અ. પાસે આવે છે.. તો ઈ.સજજાદ અ.સ. પિતાને ઓળખી નથી શકતા. કેવી રીતે ઓળખી શકે ? પુરૂ બદન ખૂન આલુદા હતું, લોહી લહાણ હતુ.

ઈ.ઝમાના અ. ફરમાવે છે કે મુર્જાએલા અને સુકાયેલા હોઠોને સલામ. કેટલા પ્યાસા હતા,ઈ.હુસૈન અ.સ..રિવાયતમાં મળે છે, કે અલીઅકબર અ.સ. જંગ કરતા કરતા પ્યાસની તડપને કારણે પાછા આવે છે અને કહે છે કે બાબા! પ્યાસ. ઈમામ અ. પોતાની ઝબાન દિકરાનાં મો માં આપે છે. અલીઅકબર અ. એ તરત જ પોતાના મોં ને હટાવી લીધુ. બાબા તમારી ઝબાન તો મારા કરતા વધારે સુકી છે.

અઝાદારો, મઝલુમ ઈમામ અ. ૭૧ અન્સારો કુટુંબીઓના લાશાને ઉપાડયા પછી,સબ્રનો જામ પીઈને,પોતાના બાળકોને ભુખ્યા પ્યાસા છોડીન

જંગના મેદાનમાં આવી જાય છે... શેરે ખુદાના લાલે દુશ્મનોને અલી અ.ની બહાદુરીની યાદ દેવડાવી દીધી...... આખરે આવાજે કુદરત આવી... બસ,અય નફસે મુતમઈન્ના! તારા રબ તરફ પલટી આવ... ઇ.હુસૈન અ.સ.તલવાર મ્યાન કરી, ભાગેલુ લશ્કર નઝદીક આવ્યું. ચારે તરફથી હુમલાઓ થઇ રહ્યા હતા. કોઇ પથ્થર તો કોઇ તલવાર તો કોઇ નેઝા વડે તો કોઇ તીર વડે હુમલો કરી રહ્યું હતું... ઇ.હુસૈન ાં શરીર ઉપર એટલા તીર હતા કે જયારે આપ ઘોડા પરથી નીચે આવ્યા તો આપનું શરીર તીરો ઉપર હતું......ઇ.હુસૈન અ.સ. શહીદ થઇ ગયા. એક આંધી ઉઠી... જમીનને ઝલઝલો આવ્યો. અવાજ ગુંજી અલા કોતેલલ હુસૈનો બે કરબલા અલા ઝોબેહલ હુસૈનો બે કરબલા. અલા લઅનતુલ્લાહે અલલ કવમીઝ ઝાલેમીન. અલ્લાહુમ્મ અજજીલ લે વલીય્યેકલ ફરજ.

વ સયઅલમુલ લઝીના ઝલમૂ અંય્યા મુનકલેબીય યન્કલેબૂન.

## અલા લઅનુલ્લાહે અલલ કૌમીઝ ઝાલેમીન...

★★★★★★★★★★★

# મજલીસ –૭
## નુસ્રતે ઈમામે ઝમાના અ.સ. અને જ.કાસીમ અ.સ.નાં મસાએબ.

અલ્લાહ તબારક વ તઆલા કુર્આને મજીદમા સુ. મોહમ્મદ આ:૭ માં ઈરશાદ ફરમાવે છે.

બીસ્મીલ્લા હીર રહમા નીર રહીમ. ‘‘યા અય્યોહલ્ લઝીન આમનૂ!
ઈન્તન્સોરૂલ્લાહ યન્સૂરકૂમ - વયોસબ્બીત અકદામ કૂમ...’’

અય ઈમાન લાવનારાઓ ! અગર તમે અલ્લાહની મદદ કરશો તો અલ્લાહ (તબારક વ તઆલા) તમારી મદદ કરશે અને તમને સાબિત કદમ રાખશે.

આ આયતમાં અલ્લાહની મદદ કરવી એટલે ? આ સવાલનો જવાબ દરે એહલેબૈત (અ.મુ.સ.) થી મેળવીએ.

સાદિકે આલે મોહમ્મદ ઈ.જઅફરે સાદિક અ.સ. ફરમાવે છે કે જનાબે ઈસા અ.સ.ના

શીઆઓએ ઈસા અ.સ.ની મદદ કરી તો એમને કુર્આનમાં અન્સારૂલ્લાહ (અલ્લાહની મદદ કરનારા) કહયા છ`. આનો મતલબએ થયો કે જેણે તેના ઝમાનાનાં નબી યા ઈમામની મદદ કરી તેણે અલ્લાહની મદદ કરી. પરંતુ એ વાત ઘ્યાનમાં રહે ક અલ્લાહ, નબી યા ઈમામ આપણી મદદનાં મોહતાજ નથી. પરંતુ આપણી કસોટી યા ઈમ્તેહાન માટે આપણને મદદ કરવાનું કહેવામાં આવ્યું છે.

નુસ્રતે ઈમામની એહમીય્યત

ઈ.સાદિક અ.સ.ની પાસે આપના બુઝુર્ગ સહાબીઓ બેઠા હોય છે. તેવામાં એક નવ યુવાન કે જેનુ નામ હિશામ બીન હકમ છે. તે આવે છે.ઈમામ અ.સ.તેને આવકારે છે અને પોતાની બાજુમાં જગ્યા આપે છે. જયારે બુઝુર્ગ સહાબીએ જોયું તો તેઓની ખૂબ નવાઈ લાગી. તેઓનાં ચેહરા પર નારાઝગી જાહેર થઈ છે કે ઈમામ અ.સ. તેમને કેટલુ માન સન્માન અને રીસ્પેકટ આપ્યુ. ઈમામ અ.સ.એ જયારે આ જોયું તો

તે નવ યુવાન હિશામ બીન હકમ તરફ જોઇને કહયુ હાઝા નાસેરોના બે કલ્બેહી વ લેસાનેહી વ યદેહી.

આ અમારો મદદગાર છે. દિલથી ઝબાનથી અને હાથ થી.

હિશામ બીન હકમ ઇમામનાં સ્ટુડન્ટ, તાલીબે ઇલ્મ હતા. જેઓ ઇલ્મ હાંસીલ કરીને બીજા ફિરકાનાં મોટા-મોટા આલીમો સાથ મુનાઝેરો ડિબેટ કરતા અને દીનની હિફાઝત કરતા, જેના લીધે ઇમામ અ.સ. તેમને ખુબ ચાહતા અને માન આપતા.

ખુદ રસુલે ખુદા સ.અ.વ. થી ઇ.હુસૈન અ.સ. એ ફરમાવે છે, ‘‘જયારે આખરી ઇમામનો ઝુહુર થાય તો તેમની ખિદમતમાં પહોંચજો, ભલે બરફને ખુંદતા ખુંદતા જવુ પડે. ઇ.જવાદ પોતાના એક સહાબી અલી ઇબ્ને મહેઝીયાર ને પત્ર લખે છે.

અય અલી! અલ્લાહ તમને જઝાએ ખૈર આપે, અને જન્નતમાં મકામ અતા કરે, દુનિયા અને આખેરતમાં કામ્યાબી આપે. કયામતમાં તમને અમારી સાથ ઉઠાવે. અમે તમારૂ ઇમ્તેહાન લઇ ચૂકયા છીએ.

તમે વાજીબાતની અદાયગીમાં, અમારી ઈતાઅતમાં અને અમારી ખિદમતમાં ઉંચા દરજજા ઉપર છો. તમે ઠંડી માં, ગરમીમાં, દિવસ-રાત જે ખિદમત આપી રહયા છો, તેનાથો અમે અજાણ નથો. અલ્લાહ (ત.) તમને મૈદાને કયામતમાં એવો બદલો આપશે કે લોકો તઅજજુબ પામશે. (કિતાબલ ગયબત. પે.૨૨૬).

આપણે આ હદીસોની રોશનીમાં એ જાણ્યુ કે ઈમામની ખિદમત કરનાર જન્નતી છે. દુનિયા અને આખેરતમાં કામ્યાબ છે. કયામતમાં ઈમામની સાથ ઉઠાવવામાં આવે છે. ઈમામ અ. તેનાથો ખુશ થાય છે. તો હવે આપણને સવાલ થાય કે ઈમામ અ.સ. હુજજતે ખુદાની નુસ્રત (મદદ) કેવી રીતે કરવી ? ઈમામની મદદ કરવાની રીત શું છે ?

## નુસ્રતે ઈમામની રીત

૧. દીનની તબ્લીગ કરવી. લોકો સુધી ઈલ્મેદીન પહોંચાડવું, ઈલ્મ હાંસીલ કરવું.

ઈ.સાદિક અ.સ. ફરમાવે છે :

"ખુદાએ પ્રથમ એ લોકો કે જેણે ઇલ્મ હાંસિલ કર્યું છે. તની પાસેથી વાયદો લીધો કે તેઓ ઇલ્મનેએ લોકો સુધી પહોંચાડશે કે જેની પાસે ઇલ્મ નથી. પછી એ લોકો કે જેઓ પાસે ઈલ્મ નથી, તેની પાસેથી વાયદો લીધો કે તેઓ જેની પાસે ઇલ્મ છે, તેનાથી ઇલ્મ હાંસિલ કરશે."

ઇલ્મ લોકો સુધી પહોંચાડવાની જવાબદારી અમુક ખાસ લોકોની નથી, પરંતુ જેની પાસે જેટલુ ઇલ્મ હોય તેટલી તેની જવાબદારી છે, ઇલ્મ પહોંચાડવાની આ કામની હદીસોમાં ખુબ જ પ્રશંસા કરવામાં આવી છે.

સાદિકે આલે મોહમ્મદ ઇ.સાદિક અ.સ.એ ફરમાવ્યુ :

"જે કોઇ અમારી હદીસો બયાન કરીને અમારા શીઆઓનાં દિલને મઝબુત કરે, તો તે ૧૦૦૦ આબીદ કરતા બેહતર છે."

બીજી એક હદીસમાં ઇ.સાદિક અ.સ. ફરમાવે છે "જે કોઇ અમારા યતીમોમાંથી એક યતીમને

(ચતીમએ છે જે દીનથી દુર હોય, ઇમામની મઅરેફતથી દૂર હોય) (દીની) તઅલીમ આપે, તો તે ખુદાની નઝદીક ૧૦ લાખ મર્દો અને ઔરતોની ઇબાદત કરતા બહેતર છે. ’’

એક સ્ત્રી હઝરત સીદ્દીકાએ તાહેરા ફાતેમતુઝઝહરા (અ.સ.)ની પવિત્ર ખિદમતમાં હાજર થઇ અને અર્ઝ કરી. ‘‘મારી મા વૃધ્ધ છે, એના તરફથી હું આપને અમુક પ્રશ્નો પુછવા ચાહું છું. મને મારી મા એ આ પ્રશ્નો માટે આપની સેવામાં મોકલી છે.’’

હઝરત સૈયદા (સ.અ.) એ કહ્યું : ‘‘જરૂર પુછો, ’’ તે સ્ત્રીએ એક સવાલ કર્યો, જેનો જનાબે સૈયદા (સ.અ.) એ જવાબ આપ્યો. એમ એક પછી એક દસ પ્રશ્નો પુછયા અને દરેક પ્રશ્નોના જવાબ જનાબે સૈયદા (સ.અ.)એ આપ્યા. પેલી સ્ત્રીને એવું લાગ્યુ કે સવાલો વધી ગયા, તેથી શરમીંદા થઇને બોલી : ‘‘હવે હું આપને વધારે ઝેહમત આપવાનું પસંદ નથી કરતી.’’ જનાબે સૈયદા (સ.અ.) એ ફરમાવ્યું : ‘‘તમારે જે પુછવું હોય તે પુછો. જો કોઇ માણસને

કહેવામાં આવે કે, અમુક સામાન મકાનની છત ઉપર પહોંચાડી દયો. જેના બદલામાં સોનાની એક લાખ અશરફી આપવામાં આવશે. તો શું તે માણસને સામાનનો બોજ વધારે લાગશે?'' પેલી સ્ત્રીએ કહ્યું : ''હરગીઝ નહી.'' જનાબે સૈયદા (સ.અ.) એ ફરમાવ્યું : '' હું તને જે મસાએલ બતાવી રહી છું તેનો દરેક મસઅલાના બદલામાં જમીન અને આસમાન તેમજ તેની વચ્ચે જેટલુ અંતર છે તેટલુ ઝવેરાતથી ભરેલું હોય, તેટલો અજ્ર (બદલો) મને મળી રહ્યો છે. જયારે એક લાખ સોનાની અશરફીના બદલામાં છત સુધી સામાન પહોંચાડનારો મજુર પોતાના માટે બોજ નથી સમજતો. તો આગળ વર્ણવેલ અજ્રના બદલામાં મસાએલના જવાબ આપવામાં ઝહેમત કેમ સમજું? જયારે મજુરનું કામ તો ખુબજ શ્રમનું છે અને મારૂં કામ તો આસાન છે. મેં મારી વાલીદે મોહતરમ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ને એમ ફરમાવતા સાંભળ્યા છે, કે કયામતના દિવસે અમારા શીઆ આલિમોને તેમના ઈલ્મ અને હિદાયતના પ્રમાણમાં અલ્લાહ તઆલા

તરફથી ઉમદા લિબાસ પહેરાવવામાં આવશે. તદઉપરાંત દરેક આલિમને દસ લાખ નુરાની આભૂષણો આપવામાં આવશે. ‘‘પછી રબ્બુલ આલમીન તરફથી એક અવાજ આપનારો જાહેરાત કરશે : ‘‘ અય આલે મોહમ્મદ (સ.અ.વ.) ના યતીમોની સરપરસ્તી કરનારાઓ ! જયારે તેઓ પોતાના બાપ-દાદા અર્થાત ઈમામો (અ.મુ.)થી વિખુટા પડેલા હતા, તે સમયે તમે તેઓને રૂહાની માર્ગદર્શન આપ્યું હતું. આજે તેઓ હાજર છે. દુનિયામાં તેઓએ તમારા પાસેથી જેટલો પ્રમાણમાં ઈલ્મ હાસિલ કર્યું હતું, તેટલા પ્રમાણમાં તેઓને જન્નતી પોષાક અતા કરો.(બેહારૂલ અન્વાર ભાગ-૨, પા.૩).

હઝરત ઈમામે જાઅફરે સાદિક (અ.સ.) એ ફરમાવ્યું : હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) નું ફરમાન છે કે : કયામતના દિવસે એક માણસને લાવવામાં આવશે. તેના નેક આમાલ ઘેરાયેલાં વાદળોની જેમ, યા તો ઉંચા ઉંચા પહાડોની જેમ મોટા દેખાશે. તે માણસ કહેશે કે :-

મેં તો આટલા બધા નેક અમલ કર્યા નથી. તો પછી આટલા બધા અમલ મારી પાસે કેવી રીતે આવી ગયા ? ત્યારે અલ્લાહ તઆલા તરફથી જવાબ આવશે કે આ તારૂં એ ઇલ્મ છે, જે તેં લોકોને શીખવ્યુ હતું કે જેના ઉપર તારા (મૃત્યુ) પછી પણ અમલ થતો રહ્યો.''

૨. ઈમામની મદદ કરવાનો એક રસ્તો છે અમલ :

ઈ.સાદિક અ.સ. ફરમાવે છે : અમારા શીઆએ ઉપર સલામ થાય. તેઓ માટે જરૂરી છે કે તકવા અને પરહેઝગારી ઈખ્તેયાર કરે, ખુદાના દીન માટે કોશીષ કરે. સાચા અને અમાનતદાર બને. વધારે ઈબાદત કરે. પડોસીઓ સાથ નેકી કરે, સીલે રહેમ કરે. બિમારની ખબર કાઢે. જનાઝામાં શિરકત કરે, લોકોનાં હક અદા કરે. કારણ કે તમારા નેક અમલની અમારી સાથ નિસ્બત દેવામાં આવે છે અને અમે ખુશ થઈએ છીએ, અને તમારા ગુનાહોની પણ અમારાથી નિસ્બત દવામાં આવે છે અને જેનાથી અમે દુઃખી થઈએ છીએ

૩.ગુનાહથી બચવું : ઈમામની મદદ કરવાનો એક ઝરીયોએ છે કે આપણે ગુનાહોથી બચીએ કેમ કે જયારે આપણથી ગુનાહ થઈ જાય છે. તો તેનાથી ઈમામને દુઃખ પહોંચે છે. એક વાકેઆ થકી આ વાત સ્પષ્ટ અને વાઝેહ થઈ જશે.

હાજી આકા હસન કહે છે હું આંખના ઈલાજ માટે મશહદથી તેહરાન આવ્યો. તે સમયે તેહરાનનો એક વેપારી જેને હું ઓળખતો હતો, તે વેપારી ઇ.રેઝા અ.સ.ની ઝિયારત કરવા માટે ખુરાસાન ગયો. એક રાત્રીનાં મે સ્વપ્ન જોયું કે હું ઇ.રેઝા અ.સ.ના રોઝામાં છું. ઇ.રેઝા અ. ઝરીહની આગળ બેઠા છે. અચાનક મે જોયુ કે પેલા વેપારીએ એક તીર ઈમામ અ.સ.ને માર્યું, ઈમામ અ.સ.ને તીર વાગતા આપ બેચૈન થઈ ગયા. ફરીવાર તેણે ઈમામ અ.સ.ને બીજુ તીર માર્યું, ઈમામ અ.સ. બૈચેન થઈ ગયા. ત્રીજીવાર ઝરીહ પાછળ જઈ ઈમામની પીઠ ઉપર તીર માર્યું. આ વખતે ઈમામ અ.સ.પીઠ ભર પડી ગયા. હું ડરીને જાગી ગયો. જયારે તે વેપારી ઝિયારત કરીને પાછો આવ્યો તો મે તેને મારા

આ સ્વપ્નની વાત કરી. આ સાંભળીને તેની આંખમાંથી આંસુ વહેવા લાગ્યા, અને તેણે કહ્યું : જે દિવસે હું ઇમામ અ.સ.ના હરમમાં દાખલ થયો, તો એક ઔરત ઝરીહ પર હાથ રાખીને સલામ ભરતી હતી, મે મારો હાથ તેણીનાં હાથ ઉપર મુકી દીધો. તે ઔરત ઝરીહની બીજી બાજુ ચાલી ગઇ, હું પણ ગયો, ફરીવાર મે તેણીના હાથ ઉપર હાથ મુકયો. ઔર ઝરીહની પાછળ ગઇ, હું પણ ગયો અને હાથ મુકયો (તારણ એ નીકળે કે ઇન્સાનના ગુનાહો ઇમામને કેટલી દર્દનાક તકલીફો આપે છે.) (ઇક સદ મૌઝુઅ પંજ સદ દાસ્તાન ભા-૧, પેજ નં.૨૩૪ કિસ્સો-૨)

૪.અઝાદારી : ઇ. ઝમાના અ.ની નુસ્રત કરવાનો એક રસ્તો છે, અઝાદારીએ સૈયદદુશ્શોહદા.

રસુલે ખુદા સ.અ.વ. ફરમાવે છે : મારો ફરઝંદ હુસૈન (અ.સ.) કરબલાનાં રણમાં ત્રણ દિવસનો ભુખ્યો અને પ્યાસો કત્લ કરવામાં આવશે. જે કોઇ તેની મદદ કરશે, તેણે મારી ફરઝંદ ઇ.મહદી અ.સ.ની

મદદ કરી કહેવાશે. હવે સવાલ એ થાય કે આજના સમયમાં ઇ.હુસૈન અ.સ.ની મદદ કેવી રીતે કરવી ?

તેનો જવાબ એ છે કે અત્યારનાં ઝમાનામા આપણે અઝાદારીએ ઇ.હુસૈન અ.સ.કરીને, તેમની ઝિયારત કરીને, આપણે ઇમામ અ.સ.ની મદદ કરીએ મજલીસે અઝા બરપા કરીએ, ઇ.હુસૈન અ.સ.ની શહાદતનો મકસદ- દીનની બકા દીનની સલામતી હતો, તે લોકો સુધી પહોંચાડીએ.

ઇ.ઝમાના અ.સ. ખુદ ફરમાવે છે કે "જે શખ્સ મારા જદ્ ઇ.હુસૈન ના મસાએબમાં રડતી વખતે મારા ઝુહુર માટે દુઆ કરે તો હું તેના માટે દુઆ કરું છું".

આવો આપણ જોઇએ કે ઇમામ હુસૈન અ.સ.ના અન્સાર મદદગાર કેવા હતા?

ગંજે શોહદાકા તઝકેરા આજકી રાત ઇસલીએ કરના ચાહતા હું, કે યે બડી કબ્ર જીસમે બકીયા સારે શોહદા દફન કીયે ગયે થ, ઉસમે ઝરા યાદ તો કીજીએ, કૌન કૌન હૈ ? ઉસમે જૌન ભી હૈ, જીન્હોંને અપની શહાદત કે વકત યે કહા થા, મૌલા (અ.સ.) જબ તક

મૈં અપને ખૂનકો આપકે ખૂનમેં મીલા નહીં લુંગા તબ તક મુજે ચૈન નહીં મીલેંગા. ઉસી ગંજે શોહદામે જહાં જૌન હૈ વહી ઝોહૈરે (અ.સ.) ભી હૈ, વહીં મુસ્લીમ ઇબ્ને અવસજાભી હૈ, વહીં અબુ સુમામા સચદાવી (અ.સ.) ભી હૈ, ઔર વહી પર બની હાશીમ (અ.સ.) ભી હૈ. ઉસમે ઔન વ મોહમ્મદ ભી હૈ, ઉસીમે જનાબ મુસ્લીમ ઇબ્ને અકીલકી ઔલાદ ભી હૈ, ઉસમે ઔલાદે જાફરે તૈયાર ભી હૈં, ઉસમે ઔલાદે અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ભી હૈ. રૂકા હું, સબ તઝકેરે યાદ દીલા કે રૂકા હું. ઔર ઇન્હી લાશોંકે દરમ્યાન એક લાશ ઔર ભી હૈ. જીસકા નામ યાદ કરકે મેરી ઝબાન રૂક ગઇ ઉસકા નામ હૈ કાસીમ. જબ કાસીમ (અ.સ.) કો હુસૈન (અ.સ.) ને કલેજેસ લગાયા ઔર ભતીજા અપને ચચાકે કલેજેસે લગા, તો અલ્લાહ જાને દીલોંકી ધડકનોંને એક દૂસરેસે કયા કહા? દોનોંકે આંસુ જારી હુવે ઔર ઇત્ના રોએ હુસૈન (અ.સ.), ઇત્ના રોએ કાસીમ (અ.સ.), કે દોનોંકો ગશ આ ગયા.

કાસીમ રૂખસત હો રહે હૈ. અમ્મા સલામ, ફુફી અમ્મા સલામ, ફુફી સલામ, બડી ફુફી સલામ, ચચા સલામ, છોટે ચચા સલામ, ભૈયા અકબર સલામ, નન્હીં સુકૈના સલામ. ખુદા હાફીઝ.

એક મરતબા કાસીમ (અ.સ.) ને સવાર હોના ચાહા તો ઘોડા ઉંચા થા. કાસીમ (અ.સ.) ઈત્ને કમસીન થ કે ઘોડે પર સવાર ના હો સકે તો જનાબે અબ્બાસ (અ.સ.) આગે બડહે ઔર છોટે ચચાને અપને છોટે ભતીજેકો કલેજેસે લગાકે ઉઠાયા ઔર ઘોડે પર બીઠા દીયા.

બસ, પઢ ચૂકા. જબ કાસીમ (અ.સ.) જા રહે થ તો કાસીમ (અ.સ.) કા કદ ઈત્ના કમ થા, ઈત્ના છોટા થા કે ઘોડે પર સવાર ના હો સકે. જબ તક અબ્બાસ (અ.સ.) ને ઉનકો ગોદમે લે કર સવાર ના કીયા. લેકીન મૈંને તારીખકી કીતાબેં પડહીં તો મુજે યેહી મીલા. કાસીમ (અ.સ.) કી લાશ લેકે હુસૈન (અ.સ.) આ રહે થ. હુસૈન (અ.સ.) ને કાસીમ (અ.સ.) કી લાશકે સીનેકો અપને સીનેસે મીલા લીયા થા. એક

